dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-207 | AD-2026, Vaishakh Vad-03 | Monday, Dt.04-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### એક્ઝિટ પોલ સામે વાસ્તવિક ચિત્ર આજે સ્પષ્ટ થશે

# પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામો આજે જાહેર

**સમગ્ર દેશની નજર આજે જાહેર થનાર ચૂંટણી પરિણામ પર**

નવી દિલ્હી, તા. ૩

પશ્ચિમ બંગાળ, આસામ, કેરળ, પુડુચેરી અને તમિલનાડુની વિધાનસભા ચૂંટણીના પરિણામો આજે જાહેર થવા જઈ રહ્યા છે. દેશભરમાં રાજકીય ઉત્સુકતા વચ્ચે મતગણતરી પ્રક્રિયા સખત સુરક્ષા વચ્ચે હાથ ધરવામાં આવશે. આસામમાં ૧૨૬, કેરળમાં ૧૪૦, પુડુચેરીમાં ૩૦ અને તમિલનાડુમાં ૨૩૪ બેઠકો માટે મતદાન એક જ તબક્કામાં પૂર્ણ થયું હતું, જ્યારે પશ્ચિમ બંગાળમાં ૨૯૪ બેઠકો માટે બે તબક્કામાં મતદાન યોજાયું હતું.

મતગણતરી કેન્દ્રો પર ચૂંટણી પંચ દ્વારા કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ છે. ખાસ કરીને પશ્ચિમ બંગાળમાં સ્ટ્રોંગ રૂમ અને ઈવીએમને લઈને ઉભા થયેલા વિવાદોને ધ્યાનમાં રાખીને ૧૬૫ વધારાના નિરીક્ષકો અને ૭૭ પોલીસ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. સાથે જ મતગણતરીના દિવસે વિજયોત્સવ, ફટાકડા અને સરઘસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

એક્ઝિટ પોલના અંદાજ મુજબ પશ્ચિમ બંગાળમાં ભાજપ અને તૃણમૂલ કોંગ્રેસ વચ્ચે કટોકટીની ટક્કર જોવા મળી રહી છે. વિવિધ એજન્સીઓએ ભાજપને ૧૪૨થી ૨૦૮ બેઠકો અને તૃણમૂલ કોંગ્રેસને ૮૫થી ૧૪૦ બેઠકો વચ્ચે દર્શાવ્યું છે. જોકે મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આ તમામ અંદાજોને ફગાવીને ૨૦૦થી વધુ બેઠકો સાથે પોતાની પાર્ટીની જીતનો દાવો કર્યો છે.

આસામમાં ભાજપની આગેવાની હેઠળની સરકાર ફરી સત્તામાં આવશે તેવી સંભાવના દર્શાવવામાં આવી રહી છે. એક્ઝિટ પોલ મુજબ ભાજપ ૮૦થી વધુ બેઠકો મેળવીને હેટ્રિક નોંધાવી શકે છે, જ્યારે કોંગ્રેસ માટે સ્થિતિ નબળી દેખાઈ રહી છે.

કેરળમાં રાજકીય પરિસ્થિતિ રસપ્રદ બની છે. કેટલાક સર્વેમાં ડાબેરી ગઠબંધન (એલડીએફ)ના શાસનનો અંત આવવાની શક્યતા દર્શાવવામાં આવી છે, જ્યારે અન્ય અંદાજોમાં તેની વાપસીની પણ આગાહી કરવામાં આવી છે. ભાજપ અહીં સીમિત પરંતુ નોંધપાત્ર પ્રદર્શન કરી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. તમિલનાડુમાં દ્રવિડ મુનેત્ર કઝગમ (ડીએમકે)ના નેતૃત્વ હેઠળનું ગઠબંધન ફરી સત્તામાં આવે તેવી સંભાવના વધુ છે. વિવિધ સર્વે મુજબ ડીએમકે ગઠબંધનને ૧૨૨થી ૧૬૦ બેઠકો મળી શકે છે. અભિનેતા વિજયની પાર્ટી ટીવીકે પણ કેટલીક એજન્સીઓ મુજબ મહત્વપૂર્ણ પ્રદર્શન કરીને મુખ્ય વિરોધ પક્ષ તરીકે ઉભરી શકે છે.

પુડુચેરીમાં પણ ભાજપ અને કોંગ્રેસ ગઠબંધન વચ્ચે ટક્કર જોવા મળી રહી છે, જોકે અહીંનું ચિત્ર સ્પષ્ટ થવાનું બાકી છે. આજે જાહેર થનારા પરિણામો એક્ઝિટ પોલના અંદાજોને સાચા કે ખોટા સાબિત કરશે અને પાંચેય રાજ્યોના રાજકીય ભવિષ્યની દિશા નિર્ધારિત કરશે. સમગ્ર દેશની નજર હવે આ મહત્વપૂર્ણ પરિણામો પર ટકેલી છે.

# હોર્મુઝ સ્ટ્રેટની નાકાબંધીને કારણે ક્રૂડ ઓઈલના ઉત્પાદનમાં વધારો કરવા મહત્વપૂર્ણ નિર્ણય

નવી દિલ્હી,તા.૦૩



હોર્મુઝ સ્ટ્રેટની નાકાબંધીને કારણે વર્તમાન સમયમાં પશ્ચિમ એશિયામાં અત્યંત ગંભીર ભૌગોલિક અને રાજકીય તણાવ પ્રવર્તી રહ્યો છે. આ આંતરરાષ્ટ્રીય કટોકટી વચ્ચે કાચા તેલની નિકાસ કરતા દેશોના સંગઠન OPEC+ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે જે વૈશ્વિક અર્થતંત્ર માટે રાહતના સમાચાર સમાન છે. સંગઠનના સભ્ય દેશોએ જૂન મહિનાથી ક્રૂડ ઓઈલના ઉત્પાદન લક્ષ્યાંકમાં વધારો કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય બજારમાં તેલની વધતી જતી કિંમતો પર અંકુશ મેળવવાનો અને પુરવઠાની સાંકળને જાળવી રાખવાનો છે. નવી યોજના અનુસાર OPEC+ ના સાત સભ્ય દેશો દરરોજ આશરે ૧,૮૮,૦૦૦ બેરલ તેલનું ઉત્પાદન વધારશે. જોકે નિષ્ણાતોનું માનવું છે કે જ્યાં સુધી હોર્મુઝની નાકાબંધી સંપૂર્ણપણે દૂર ન થાય ત્યાં સુધી આ વધારો માત્ર પ્રતીકાત્મક બની રહેશે. આ ગંભીર પરિસ્થિતિ વચ્ચે સંયુક્ત આરબ અમીરાત (UAE) એ સંગઠનમાંથી બહાર નીકળવાની જાહેરાત કરીને સાઉદી અરેબિયાના નેતૃત્વ હેઠળના આ જૂથને મોટો ફટકો આપ્યો છે. OPEC ની કુલ નિકાસમાં ૧૫ ટકા હિસ્સો ધરાવતા UAEનો આ નિર્ણય તેની લાંબા ગાળાની આર્થિક રણનીતિનો ભાગ માનવામાં આવે છે. બીજી તરફ હોર્મુઝની નાકાબંધીની સૌથી ખરાબ અસર કુવૈત પર પડી છે. એપ્રિલ માસમાં કુવૈતની નિકાસ શૂન્ય પર પહોંચી ગઈ છે જે ૧૯૯૧ પછીની સૌથી ગંભીર સ્થિતિ છે. કુવૈત પેટ્રોલિયમ કોર્પોરેશને 'ફોર્સ મેજ્યોર' જાહેર કરતા દૈનિક ૨૦ લાખ બેરલની નિકાસ હાલ ઠપ થઈ ગઈ છે જે ઈરાન અને અન્ય અખાતી દેશો માટે ચિંતાનો વિષય છે.

# પ.બંગાળના ફાલ્ટા વિધાનસભા ક્ષેત્રના તમામ મતદાન કેન્દ્ર પર ૨૧ મેના રોજ ફરી મતદાન

કોલકાત્તા,તા.૦૩



પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પરિણામો પૂર્વે ફાલ્ટા વિધાનસભા બેઠક પર ચૂંટણી પંચના એક નિર્ણયે રાજ્યમાં નવો રાજકીય સંઘર્ષ શરૂ કરી દીધો છે. ૨૯ એપ્રિલના રોજ થયેલી હિંસા અને ગેરરીતિઓના ગંભીર આરોપો બાદ પંચે આખી બેઠક પર નવેસરથી મતદાન કરાવવાનો આદેશ આપ્યો છે. ચૂંટણી પંચે ૧૪૪-ફાલ્ટા વિધાનસભા ક્ષેત્રના તમામ ૨૮૫ મતદાન કેન્દ્રો (સહાયક કેન્દ્રો સહિત) પર ફરીથી મતદાન કરવાનો નિર્દેશ આપ્યો છે. જેના પગલે હવે આગામી ૨૧ મે ૨૦૨૬ ના દિવસે ત્યાં ફરી મતદાન થશે. સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન ચાલશે. ૨૪ મે ૨૦૨૬ ના દિવસે મતગણતરી કરવામાં આવશે. નોંધનીય છે કે રાજ્યની અન્ય ૨૯૩ બેઠકોનું પરિણામ ૪ મેના રોજ જાહેર થશે, પરંતુ ફાલ્ટાનું પરિણામ અલગથી જાહેર કરવામાં આવશે. ૨૯ એપ્રિલના રોજ મતદાન દરમિયાન ફાલ્ટામાં ભારે રાજકીય ઝપાઝપી થઈ હતી અને EVM પર સ્ટીકર ચોંટાડવાના ગંભીર કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા હતા. આ ઘટનાક્રમને લોકશાહી પ્રક્રિયાનું ઉલ્લંઘન માનીને પંચે આકરો નિર્ણય લીધો છે. આ નિર્ણય બાદ ભાજપના નેતા અમિત માલવીયાએ મમતા સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, ડાયમંડ હાર્બર મોડલ હવે ધ્વસ્ત થઈ ચૂક્યું છે. ભાજપના આ પ્રહાર સામે ટીએમસી સાંસદ અભિષેક બેનર્જી લાલચોળ થઈ ગયા હતા. તેમણે સોશિયલ મીડિયા પર વળતો પ્રહાર કરતા જણાવ્યું કે, મારા ડાયમંડ હાર્બર મોડલને કોઈ નુકસાન પહોંચાડી શકશે નહીં, ખાસ કરીને આ બાંગ્લા વિરોધી ગુજરાતી ટોળકી તો બિલકુલ નહીં. તેમણે ભાજપને ખુલ્લો પડકાર ફેંકતા કહ્યું કે, જો હિંમત હોય તો ભાજપ તેના સૌથી મજબૂત ઉમેદવારને ફાલ્ટાના મેદાનમાં ઉતારે અને બધું જ દાવ પર લગાવીને જોઈ લે. ફાલ્ટા બેઠક ડાયમંડ હાર્બર વિસ્તારમાં આવતી હોવાથી ટીએમસી માટે તે પ્રતિષ્ઠાનો જંગ બની ગઈ છે.

### રાજસ્થાનના અનેક શહેરોમાં આંધી, વીજતારથી શોક લાગતા બાઈકસવારનું મોત

# દેશના અનેક રાજ્યમાં વાવાઝોડા સાથે વરસાદ

નવી દિલ્હી,તા.૦૩



ભારતના હવામાનમાં હાલમાં એક વિચિત્ર વિરોધાભાસ જોવા મળી રહ્યો છે. શનિવારે દેશના મોટાભાગના વિસ્તારોમાં વાતાવરણમાં આવેલા અચાનક પલટાએ લોકોને કાળઝાળ ગરમીમાંથી મોટી રાહત આપી છે. ખાસ કરીને મધ્ય અને ઉત્તર ભારતના આઠ રાજ્યો જેવા કે મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, હરિયાણા, જમ્મુ-કાશ્મીર અને છત્તીસગઢમાં તેજ પવનો સાથે વરસાદી માહોલ જામ્યો હતો. આ વિસ્તારોમાં પવનની ગતિ એટલી તીવ્ર હતી કે અનેક જગ્યાએ કરા પણ પડ્યા હતા, જેના કારણે તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આ વરસાદી માહોલને કારણે લોકોને બફારા અને લૂથી આંશિક છુટકારો મળ્યો છે, પરંતુ તેની સાથે કેટલીક દુર્ઘટનાઓ પણ સામે આવી છે. રાજસ્થાનમાં સ્થિતિ વધુ ગંભીર જોવા મળી હતી જ્યાં જયપુર, બીકાનેર અને જોધપુર જેવા શહેરોમાં ધૂળની ડમરીઓ સાથે ભીષણ આંધી ચાલી હતી. આ કુદરતી ફેરફારને કારણે અગિયાર જેટલા શહેરોમાં પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસની નીચે સરકી ગયો હતો. જોકે, આ વાવાઝોડાએ એક દુ:ખદ ઘટનાને પણ જન્મ આપ્યો હતો.

જયપુરના જયસિંહપુરા ખોર વિસ્તારમાં તેજ પવનને કારણે વીજળીનો જીવંત તાર તૂટીને રસ્તા પર પડ્યો હતો, જેની ઝપેટમાં આવતા એક કમનસીબ બાઈકસવાર યુવકનું ઘટનાસ્થળે જ જીવતા સળગી જવાથી મોત નિપજ્યું હતું. આ સિવાય ઉત્તરાખંડના દેહરાદૂનમાં પણ ભારે કરા પડ્યા હતા. ઉત્તરકાશીમાં તો મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીનું હેલિકોપ્ટર ખરાબ હવામાન અને કરા વચ્ચે અત્યંત જોખમી રીતે લેન્ડ કરવું પડ્યું હતું. બીજી તરફ, દેશના કેટલાક ભાગો હજુ પણ ભીષણ હીટવેવની પકડમાં છે.

# છત્તીસગઢ દારૂ કૌભાંડમાં ઈડીના ૧૩ સ્થળોએ દરોડા

નવી દિલ્હી, તા.૦૩

છત્તીસગઢના ચર્ચિત દારૂ કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ મોટી કાર્યવાહી કરતાં ૧૩ સ્થળોએ દરોડા પાડ્યા છે. પીએમએલએ, ૨૦૦૨ હેઠળ હાથ ધરાયેલા આ ઓપરેશન દરમિયાન આશરે રૂ.૫.૩૯ કરોડની રોકડ અને સોનું જપ્ત કરવામાં આવ્યું છે. રાયપુર, દુર્ગ-ભિલાઈ અને બિલાસપુર જિલ્લામાં દારૂ વેપારીઓ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને ઉદ્યોગપતિઓના સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. તપાસ મુજબ, આ કૌભાંડમાં આશરે રૂ.૨,૮૮૩ કરોડની ગેરરીતિઓ સામે આવી છે. ઈડીએ અત્યાર સુધીમાં ૯ લોકોની ધરપકડ કરી છે, જેમાં નિવૃત્ત આઈએએસ અધિકારી, તત્કાલીન એક્સાઈઝ કમિશનર, દારૂ નિગમના એમડી તથા ભૂતપૂર્વ મુખ્યમંત્રીના પુત્રનો સમાવેશ થાય છે. ઈઓડબ્લ્યુ/એસીબીની એફઆઈઆર આધારે શરૂ થયેલી તપાસમાં ૨૦૧૯થી ૨૦૨૨ દરમિયાન દારૂના લાઈસન્સ, ખરીદી અને વેચાણમાં ગેરકાયદેસર કમિશન મેળવવા માટે સુનિયોજિત કાવતરું ચાલતું હોવાનું સામે આવ્યું છે. ઈડીએ અત્યાર સુધીમાં આશરે રૂ.૩૮૦ કરોડની મિલકતો જપ્ત કરી છે, જેમાં રિયલ એસ્ટેટ, બેંક બેલેન્સ, વાહનો અને ઝવેરાતનો સમાવેશ થાય છે. સાથે જ ૮૧ આરોપીઓ સામે કેસ દાખલ કરવામાં આવ્યા છે.





# બિહાર કેબિનેટ વિસ્તરણ પર સહમતી બની, ભાજપ-જેડીયુ વચ્ચે ફોર્મ્યુલા તૈયાર

નવી દિલ્હી, તા. ૩



બિહારમાં મંત્રીમંડળ વિસ્તરણ મુદ્દે ભાજપ અને જેડીયુ વચ્ચે ૧૫-૧૫ મંત્રી ફોર્મ્યુલા પર સહમતી થયાની માહિતી સામે આવી છે. મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ સાથે મહત્વપૂર્ણ બેઠક કરી હતી, જે બાદ આ નિર્ણયને અંતિમ સ્વરૂપ મળ્યું હોવાનું માનવામાં આવે છે. ફોર્મ્યુલા મુજબ ભાજપમાંથી આશરે ૧૩ અને જેડીયુમાંથી ૧૨ મંત્રીઓ સામેલ થઈ શકે છે, જ્યારે એલજેપી, એચએએમ અને આરએલએસપીને પણ સ્થાન આપવામાં આવશે. આ પહેલા સમ્રાટ ચૌધરીએ નીતિશ કુમાર સાથે ચર્ચા કરી હતી. પશ્ચિમ બંગાળના ચૂંટણી પરિણામો બાદ કોઈપણ સમયે નવા મંત્રીમંડળની જાહેરાત થઈ શકે છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
02
સોમવાર, તા.૦૪-૦૫-૨૦૨૬

**મત માંગવા આવતા ઉમેદવારો ચૂંટણી પુરી થયા પછી હવે ગોત્યા જડતા નથી**

# અમરેલીના કેરીયા રોડ પર ચાલી રહેલા કામથી રહીશો ત્રસ્ત

અમરેલી,તા.૦૩

અમરેલી શહેરના મહત્વના ગણાતા કેરીયા રોડ પર છેલ્લા લાંબા સમયથી ચાલી રહેલી રસ્તાની કામગીરી હવે સ્થાનિકો માટે આશીર્વાદને બદલે અભિશાપ બની ગઈ છે. તંત્ર દ્વારા વિકાસના નામે રસ્તો તો ખોદી નાખવામાં આવ્યો, પરંતુ ત્યારબાદ જે ગતિએ કામ થવું જોઈએ તેમાં ધીમી ગતિ જોવા મળી રહી છે. આ ઢીલી કામગીરીને કારણે આસપાસની સોસાયટીઓમાં રહેતા હજારો લોકો અત્યારે હાલાકી ભોગવી રહ્યા છે. સૌથી ગંભીર બાબત એ છે કે અત્યારે માત્ર એક જ બાજુનો રસ્તો ચાલુ રાખવામાં આવ્યો હોવાથી વાહનોની અવરજવરમાં ભારે ઘર્ષણ થાય છે અને નાના-મોટા અકસ્માતો થવાની ભીતિ સતત તોળાઈ રહી છે. કેરીયા રોડ પર આવેલી વિવિધ સોસાયટીના રહીશોને પોતાના ઘરે પહોંચવા માટે પણ અત્યારે લોઢાના ચણા ચાવવા જેવી સ્થિતિ સર્જાઈ છે. ઉડતી ધૂળ અને અધૂરા રસ્તાને



કારણે વૃદ્ધો અને બાળકોના સ્વાસ્થ્ય પર પણ માઠી અસર પડી રહી છે. સ્થાનિક લોકોમાં એ વાતનો ભારે આક્રોશ છે કે જ્યારે ચૂંટણીનો સમય હોય છે ત્યારે મતની ભીખ માંગવા આવતા ઉમેદવારો અને રાજકીય નેતાઓ અત્યારે જનતાની આ પીડા જોવા માટે હાજર નથી. રહીશો દ્વારા તંત્ર અને સ્થાનિક નગરપાલિકામાં વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવા છતાં, પરિસ્થિતિ જસની તસ છે. હજુ તો રસ્તાની એક જ બાજુનું કામ ચાલી રહ્યું છે અને તે પણ કાચબા ગતિએ, ત્યારે આખેઆખો રસ્તો ક્યારે તૈયાર થશે તે અંગે તંત્ર પાસે કોઈ સ્પષ્ટ જવાબ નથી.

રહીશોની માગણી છે કે જો તંત્ર ખરેખર લોકશાહીમાં માનતું હોય તો આળસ ખંખેરીને તાત્કાલિક યુદ્ધના ધોરણે કામ શરૂ કરાવવું જોઈએ. માત્ર આશ્વાસનો આપવાને બદલે નક્કર કામગીરી દેખાવી જોઈએ જેથી અકસ્માતો અટકે અને જનજીવન ફરી પાટા પર આવે. જો આગામી દિવસોમાં આ કામગીરી ઝડપથી પૂર્ણ કરવામાં નહીં આવે, તો રહીશો દ્વારા ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# ‘બગસરામાં રીવરફ્રન્ટ ક્યારે બનાવવામાં આવશે?’ શહેરીજનોએ સવાલ ઉઠાવ્યા

બગસરા,તા.૦૩

બગસરા નગરપાલિકાની ચૂંટણી પહેલા કે પછી આગેવાનો દ્વારા હંમેશા રીવરફ્રન્ટ બનાવવાની જાહેરાત કરી શહેરીજનોને કોણીએ ગોળ લગાડતા હોય તેવો ઘાટ સર્જાયો છે. છેલ્લાં ૧૦ વર્ષથી આગેવાનો દ્વારા શહેરની સુવિધા માટે કોઈ નક્કર કામગીરી કરવામાં આવી ન હોવાનું શહેરીજનો રોષ સાથે જણાવી રહ્યાં છે. બગસરા નગરપાલિકાની ચૂંટણીના પરિણામો આવતા જ આગેવાનોએ ફરી રીવરફ્રન્ટની જાહેરાત કરી શહેરીજનોને કોણીએ ગોળ લગાડવાની જાહેરાત કરી છે. બગસરા પાલિકામાં શહેરીજનોએ ભાજપને ૨૨ બેઠકો સાથે સ્પષ્ટ બહુમતી આપી છે. શહેરમાં છેલ્લાં ૧૦ વર્ષથી રીવરફ્રન્ટની જાહેરાત કરવામાં આવે છે પરંતુ કોઈ કામગીરી કરવામાં આવતી નથી. આગેવાનો પણ રીવરફ્રન્ટની જાહેરાત કરી શહેરીજનોને કોણીએ ગોળ લગાડતા હોય તેવો ઘાટ સર્જાયો છે. હવે નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ કામગીરી કરાવે તેવું પણ લોકો ઈચ્છી રહ્યા છે. શહેરમાં જીઆઈડીસી, અટલજી પાર્કનું નવીનીકરણ સહિતના અનેક કામો બાકી હોય ત્યારે નવા ચૂંટાયેલા સદસ્યો માટે આ કામો પૂરા કરવા પડકારરૂપ બની રહેશે ત્યારે તેમની કામગીરી પર શહેરીજનો મીટ માંડીને બેઠા છે.

# ચલાલામાં ગાયત્રી સંસ્કારધામ ખાતે સ્કાઉટના બેઝિક કોર્સની તાલીમનું આયોજન

ચલાલા,તા.૦૩

ચલાલામાં પ. પૂ. સંત ડૉ. રતિદાદાના સાનિધ્યમાં ગાયત્રી સંસ્કારધામ ખાતે હાલમાં ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ દ્વારા બેઝીક કોર્સની તાલીમનું આયોજન કરાયું હતું. જેમાં રાજ્ય ટ્રેનિંગ કમિશનર નીરૂબેન જાદવ, આસિસ્ટન્ટ ટ્રેનર રેખાબેન જાદવ, ભીખાલાલ સિધ્ધપુરા (રાજ્ય ઓર્ગેનાઈઝર



કમિશનર), ભુપેન્દ્રભાઈ બસિયા (જિલ્લા મુખ્ય કમિશનર), દીપાબેન ગોહિલ (જિલ્લા કમિશનર), સંજયભાઈ મકવાણા (સ્કાઉટ માસ્ટર), પંકજભાઈ મહેતા, નૂતનબેન માલવિયા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકો અને માર્ગદર્શકોને સ્કાઉટિંગના મૂળભૂત સિદ્ધાંતો, શિસ્ત, સ્વાવલંબન અને રાષ્ટ્રીય સેવા જેવા મૂલ્યો અંગે માર્ગદર્શન આપવાનો હતો. આ તાલીમની સમગ્ર વ્યવસ્થા ભારતભૂષણ મહેશભાઈ મહેતા અને શીતલબેન દ્વારા કરાઈ હતી.

# બગસરામાં નાયરા પેટ્રોલપંપ પાસે બે કાર વચ્ચે ભયાનક અકસ્માત સર્જાયો

બગસરા, તા.૦૩

બગસરામાં નાયરા પેટ્રોલપંપ પાસે બે ફોર વ્હીલર કાર વચ્ચે જોરદાર ટક્કર થતા અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં એક જ પરિવારના ત્રણ સભ્યોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી, જેમાં એક મહિલાની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગે હિરેનકુમાર રાજુભાઈ પરમાર (ઉ.વ.૪૦)એ **GJ-01-KM-3436** નંબરની કારના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પોતાની કાર લઈને બગસરાના નાયરા પેટ્રોલપંપ પાસેથી પસાર થતા હતા ત્યારે સામેથી આવેલી **GJ-01-KM-3436** ના ચાલકે ધડાકાભેર ભટકાવી હતી. અકસ્માતમાં તેમના પત્નીને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે તેમને અને તેમના પુત્રને પણ શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જાયા બાદ પોલો કારનો ચાલક પોલીસ પકડથી બચવા માટે પોતાની કાર ઘટનાસ્થળે જ મૂકીને નાસી છૂટ્યો હતો.

**કર્મચારીઓને સાયબર ફ્રોડથી બચવા સમજણ આપવામાં આવી**

# લુણસાપુર સિન્ટેક્સ કંપની ખાતે સાયબર સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

જાફરાબાદ, તા.૦૩

જાફરાબાદ નજીક આવેલી લુણસાપુર સ્થિત સિન્ટેક્સ કંપની ખાતે ગુજરાત સ્થાપના દિવસ અને મજદૂર દિવસની પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે રાજુલાના ડીવાયએસપી નયના ગોરડીયાના માર્ગદર્શન હેઠળ કર્મચારીઓ માટે સાયબર અવેરનેસ કાર્યક્રમ યોજાયો



હતો. આ કાર્યક્રમમાં આશરે ૪૫૦ જેટલા મહિલા અને પુરુષ કર્મચારીઓને વર્તમાન સમયમાં વધતા સાયબર ફ્રોડથી બચવા અને ઓનલાઈન છેતરપિંડી સામે સતર્ક રહેવા અંગે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી. આ પ્રશંસનીય આયોજનમાં જાફરાબાદના પીએસઆઈ વી.આર. રાઠોડ, કંપનીના એડમિન હેડ મનીષ સ્વામી, એચ.આર. હેડ વિનોદ ત્રિવેદી, સિક્યુરિટી હેડ સંદીપ સિંગ અને

**કંપનીના ઉચ્ચ અધિકારીઓ સહિત કર્મચારીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા**

ઈન્ચાર્જ હિરેન ડોડીયા સહિત મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દ્વારા ટેકનોલોજીના સુરક્ષિત ઉપયોગ અંગે જરૂરી જાગૃતિ ફેલાવવામાં આવી હતી.

# રાજુલાના નીંગાળા-૧ ગામે ખેડૂતને પથ્થર વડે માથામાં ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી

**મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.વી. ગોહિલે તપાસ શરૂ કરી**

રાજુલા, તા.૦૩

રાજુલા તાલુકાના નીંગાળા-૧ ગામે જૂની અદાવત રાખી એક શખ્સે ખેડૂતને ગાળો આપી પથ્થર વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ હતી. બનાવ અંગે વિજયભાઈ રામભાઈ લાખણોત્રા (ઉ.વ.૩૨) એ રમેશભાઈ લાભુભાઈ લાખણોત્રા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, થોડા દિવસો પહેલા ગામના બસ સ્ટેશન પાસે કાર અથડાવવા બાબતે આરોપી અને ફરિયાદી વચ્ચે બોલાચાલી થઈ હતી. આ અકસ્માતનું મનદુઃખ રાખીને ગત રોજ તેઓ આરોપીના ઘર પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે આરોપીએ તેમને રસ્તામાં રોકીને બેફામ ગાળો આપી હતી. ઉપરાંત તેના હાથમાં રહેલ પથ્થર તેમના માથામાં મારી ઈજા પહોંચાડી હતી અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.વી. ગોહિલ બનાવની વધુ તપાસ કરી રહ્યા છે.

# છેતરપિંડીના કેસમાં સાક્ષી બનતા લાઠીના કાંચરડીના વેપારીને જાનથી મારી નાખવાની ધમકી મળી

લાઠી, તા.૦૩

લાઠી તાલુકાના કાંચરડી ગામે રહેતા એક વેપારીને છેતરપિંડીના કેસમાં સાક્ષી તરીકે જુબાની ન આપવા માટે દબાણ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા ચકચાર મચી ગઈ હતી. બનાવ સંદર્ભે ઉમેદભાઈ ઈબ્રાહિમભાઈ મુલતાનીએ અંકલેશ્વરમાં રહેતા ફિરોજભાઈ દિલાવરભાઈ મુલતાની તથા બરવાળમાં રહેતા અમજદભાઈ ઉર્ફે મુનાભાઈ ઘોડાવાળા અબ્દુલભાઈ મુલતાની સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગતો મુજબ, આરોપીઓએ કરેલી છેતરપિંડીની રાજકોટ ખાતે ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનામાં વેપારી સાક્ષી હતા. આ બાબતનું મનદુઃખ રાખીને બે શખ્સોએ વેપારીને નિશાન બનાવ્યા હતા. બંને આરોપીઓએ તેમને આંતરીને રાજકોટ વાળા કેસમાં કોર્ટમાં સાક્ષી તરીકે જુબાની નહીં આપવા માટે દબાણ કર્યું હતું. તેમણે મચક ન આપતા આરોપીઓએ જાહેરમાં અપશબ્દો બોલી ખરાબ ગાળો આપી હતી. આ દરમિયાન ફિરોજભાઈ મુલતાની દ્વારા વેપારીને ગંભીર પરિણામ ભોગવવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.







**આરોપી શિવરાજ મકવાણાએ ચક્કરગઢ રોડ પર છરી કાઢી આતંક મચાવી વેપારીને લાફા ઝીંક્યા હતા**

# અમરેલીના કુખ્યાત હિસ્ટ્રીશીટરનું રિકન્સ્ટ્રક્શન કરાયું

અમરેલી,તા.૦૩

અમરેલી શહેરના ચક્કરગઢ રોડ પર થોડા દિવસો પૂર્વે એક ધાર્મિક કાર્યક્રમમાં આતંક મચાવીને એક યુવાનને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપનાર કુખ્યાત હિસ્ટ્રીશીટર યુવરાજ ઉર્ફે શિવકુ મકવાણાને પોલીસે દબોચી લીધો છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે પોલીસે આરોપીનું ઘટનાસ્થળે રિકન્સ્ટ્રક્શન પંચનામું કરી કડક કાર્યવાહી હાથ ધરી છે. અમરેલીના ચક્કરગઢ રોડ પર આવેલી અમૃતનગર શેરી નંબર-૩ પાસે ગત તારીખ ત્રીજી માર્ચના રોજ હનુમાનજીના મંદિરે એક ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ફરિયાદી ચિરાગ હિતેશભાઈ બાબરીયા પોતાના મિત્રો સાથે હાજર હતા તે દરમિયાન અચાનક યુવરાજ મકવાણા તેના બે સાથીદારો સાથે ત્યાં ધસી આવ્યો હતો. કોઈપણ કારણ વગર આરોપીએ ચિરાગ સાથે ઝઘડો કરી તેને લાફા મારી બેફામ ગાળો ભાંડી હતી એટલું જ નહીં જાહેરમાં છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી ભયનો માહોલ પેદા કર્યો હતો. આ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાતા તંત્ર



તાત્કાલિક હરકતમાં આવ્યું હતું અને ઈન્ચાર્જ જિલ્લા પોલીસવડા જયવીર ગઢવી દ્વારા ગુનેગારોને સીધા દોર કરવાની મળેલી સૂચના બાદ સ્થાનિક પોલીસે આરોપી યુવરાજ મકવાણાની ધરપકડ કરી લીધી હતી. ડીવાયએસપી પરાક્રમસિંહ રાઠોડના જણાવ્યા અનુસાર આરોપીને ઘટનાસ્થળે લઈ જઈને સમગ્ર બનાવનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું અને આ પ્રક્રિયા દરમિયાન બે પંચને હાજર રાખવામાં આવ્યા હતા તેમજ ઈ-સાક્ષી એપ્લિકેશન મારફતે ડિજિટલ પુરાવા તરીકે વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. આરોપી ગંભીર ગુનાહિત ઈતિહાસ ધરાવતો હોવાથી અને નાસી જવાની શક્યતાને જોતા તેને હથકડી પહેરાવી ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ ઘટનાસ્થળે લાવવામાં આવ્યો હતો જેથી પ્રજામાં પોલીસનો વિશ્વાસ વધે અને ગુનેગારોમાં ફાળ પડે. આરોપી યુવરાજ મકવાણા એક રીઢો ગુનેગાર છે અને તેની સામે અગાઉ અલગ અલગ ૧૨ જેટલા ગુનાઓ નોંધાઈ ચુક્યા છે જેમાં અગાઉ એક ખૂનની કોશિશના કેસમાં કોર્ટે તેને દસ વર્ષની સખત કેદ અને પચીસ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. હાલમાં તે જામીન પર જેલની બહાર હતો જે દરમિયાન તેણે ફરી આ ગુનાને અંજામ આપ્યો છે ત્યારે અમરેલી પોલીસે આરોપી વિરુદ્ધ વધુ તપાસ હાથ ધરી છે અને કાયદાના શિકંજામાં કડક સજા થાય તે દિશામાં કાર્યવાહી તેજ કરી છે.

# ધારીમાં 'વાતો કેમ કરો છો?' તેમ કહી અજાણી મહિલાનો અન્ય મહિલા પર હુમલો

**દેરાણી તેના જેઠાણીના ઘરે આવી હતી**

ધારી, તા.૦૩

ધારીમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. દેરાણી તેના જેઠાણીને ઘરે આવી હતી. સામાન્ય વાતચીતની અદાવત રાખી એક અજાણી મહિલાએ અન્ય મહિલા પર જીવલેણ હુમલો કર્યો હતો. લોકચર્ચા સાંભળવા જેવી સામાન્ય બાબતે થયેલી આ તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ અંગે કોમલબેન દિપકભાઈ દાફડાએ અજાણી મહિલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ તેમના જેઠાણીના ઘરે ગયા હતા. આ સમયે જેઠાણીએ તેમને કહ્યું હતું કે, તમારી આડી-અવળી વાતો બહારના લોકો કરે છે. જેના જવાબમાં તેમણે સહજતાથી કહ્યું હતું કે, લોકો તો વાતો કર્યા જ કરે. આ વાતચીત ઘરની બહાર ઉભેલી એક અજાણી મહિલા સાંભળી ગઈ હતી. આ બાબતનું મનદુઃખ રાખીને જ્યારે તેઓ જેઠાણીના ઘરેથી બહાર નીકળ્યા, ત્યારે અજાણી મહિલાએ તેમને રસ્તામાં રોકી જાહેરમાં બેફામ ગાળો આપી હતી. ઉશ્કેરાયેલી મહિલાએ હાથમાં રહેલી ઈંટનો ઘા તેમના કપાળના ભાગે માર્યો હતો, જેના કારણે તેમને ગંભીર મુંઢ ઈજા થઈ હતી. હુમલા દરમિયાન તેમનો ડાબો હાથ મરોડી નાખતા તેમની આંગળીના ભાગે ગંભીર સોજો આવી ગયો હતો.

# બાબાપુરમાં રામદેવજી માનસ ભક્તિ કથાનું ભવ્ય આયોજન

બાબાપુર,તા.૦૩

બાબાપુર સ્થિત રામદેવજી મંદિરના આંગણે તા. ૩ એપ્રિલથી ૯ એપ્રિલ ૨૦૨૬ સુધી રામદેવજી માનસ ભક્તિ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ આધ્યાત્મિક પ્રસંગ દરમિયાન ગોરવિયાળી મોગલ ધામ આશ્રમની પૂજ્ય માતાજી શર્મિલાદેવીજી પોતાના



શ્રીમુખેથી કથાનું રસપાન કરાવશે. આ કથા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહી આધ્યાત્મિક લાભ મેળવે તેવી અપેક્ષા છે. મહંત કાળુ ભગત, સર્વે ગત પરિવાર તેમજ મહિલા મંડળ દ્વારા સર્વે ભક્તોને ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમ ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ઉર્જાથી ઓતપ્રોત રહેશે. ભક્તોને આ પવિત્ર અવસરમાં જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# સાવરકુંડલાના મોલડી ગામે ચૂંટણીની અદાવતમાં ભાજપના ચૂંટણી એજન્ટ પર કુહાડી વડે હુમલો

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલા તાલુકાના મોલડી ગામે ચૂંટણીની અદાવત રાખી એક શખ્સે ભાજપના ચૂંટણી એજન્ટ પર કુહાડી વડે જીવલેણ હુમલો કર્યાની ઘટના સામે આવી હતી. પૂનમના દિવસે જ્યારે ભાજપના ચૂંટણી એજન્ટ પ્રસાદ લેવા ગયા હતા, ત્યારે આરોપીએ જાહેરમાં હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે નટુભાઈ બિસુભાઈ ખુમાણે કનુભાઈ બાઘુભાઈ ખુમાણ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં તેઓ મોલડી ગામના વોર્ડ નં. ૨ માં ભાજપના ઉમેદવારના ચૂંટણી એજન્ટ તરીકે ફરજ બજાવતા હતા. તે સમયે આરોપી કનુભાઈ બાઘુભાઈ ખુમાણ ત્યાં આવી જોરજોરથી બોલતા હતા. જેથી તેમણે તેને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, અહીં કોઈ બોગસ મતદાન નહીં કરવા દઉં. આ વાતની અદાવત આરોપીએ મનમાં રાખી હતી. ગામમાં બાપા સીતારામની મઢુલી પાસે પૂનમ નિમિત્તે બાળકોને ગુંદી-ગાંઠિયાની પ્રસાદી વહેંચવામાં આવી રહી હતી ત્યારે તેઓ પોતાની કાકાની દીકરીને લઈને ત્યાં પ્રસાદ લેવા ગયા હતા, ત્યારે આરોપી કનુભાઈએ ત્યાં આવીને કહ્યું કે, 'તું ચૂંટણીના દિવસે બહુ ઉલળતો હતો.' તેમ કહી બેફામ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. જ્યારે તેમણે ગાળો આપવાની ના પાડી, ત્યારે ઉશ્કેરાયેલા આરોપીએ પોતાના હાથમાં રહેલી કુહાડી વડે ફરિયાદીના ડાબા પગના ગોઠણ અને પીંડીના ભાગે બે ઘા ઝીંકી દીધા હતા. જેમાં તેને મૂઢ ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ આરોપી ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી નાસી છૂટ્યો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ આર. બી. મારુ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં કાળઝાળ ગરમીથી લોકો શેકાયા

અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લામાં છેલ્લાં ઘણા સમયથી તાપમાનનો પારો સડસડાટ ઉંચે ચડી રહ્યો છે. થોડા દિવસો પહેલા તાપમાનનો પારો ૪૪ ડિગ્રી ઉપર જતા જિલ્લાવાસીઓ અકળાઈ ઉઠ્યા હતા. જિલ્લામાં રવિવારે ભારે પવન ફૂંકાતા લોકોને ગરમીમાંથી આંશિક રાહત થઈ હતી પરંતુ પવનો પણ લૂં ફેંકતા હોવાથી ગરમીની અસર હવે લોકોના સ્વાસ્થ્ય પર પડી રહી છે. ગરમીને કારણે ઠંડા પીણાના વેપારીઓને ત્યાં ભારે ટ્રાફિક જોવા મળ્યો છે. જો કે ટૂંક સમયમાં ગરમીમાં થોડો ઘટાડો થશે તેવુ હવામાન ખાતાએ જણાવ્યું હતુ.

**મિલકત બાબતે કપાતર પુત્રનું પરાક્રમ**

# અમરેલીમાં મિલકતમાં હિસ્સો અને પૈસા બાબતે પુત્રનો પિતા પર હુમલો

**છરી વડે ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી**

અમરેલી, તા.૦૩

અમરેલી શહેરમાં પિતા-પુત્રના પવિત્ર સંબંધને લજવતી એક ઘટના સામે આવી હતી. મિલકતમાં હક અને પૈસાની માંગણી કરી ઉશ્કેરાયેલા પુત્રએ પોતાના જ પિતા પર છરી વડે હુમલો કરી ઈજા પહોંચાડતા ચકચાર મચી જવા પામી હતી. આ અંગે કૌશિકભાઈ નનકુભાઈ ધરજીયા (ઉવ.૪૮) એ પુત્ર અમનભાઈ કૌશિકભાઈ ધરજીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ જ્યારે પોતાના ઘરે હાજર હતા, ત્યારે આરોપી પુત્ર ત્યાં આવી પહોંચ્યો હતો અને ઝઘડો શરૂ કર્યો હતો. પુત્રએ આવીને રોષે ભરાઈને કહ્યું હતું કે, તમે મને પૈસા આપતા નથી અને મિલકતમાં મારો હક છે. વાતચીત દરમિયાન પુત્ર એકદમ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપવા લાગ્યો હતો. ઉશ્કેરાટમાં આવીને તે છરી મારવા દોડ્યો હતો. હુમલા દરમિયાન તેમને ટચલી આંગળીના ભાગે છરીનો છરકો વાગતા લોહીલુહાણ ઈજા થઈ હતી. છરીથી હુમલો કર્યા બાદ પણ પુત્ર શાંત પડ્યો ન હતો અને પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી નાસી છૂટયો હતો. પારિવારિક મિલકતના વિવાદમાં પુત્રએ લોહીના સંબંધોને લજવતા સ્થાનિક પંથકમાં આ ઘટના ચર્ચાનો વિષય બન્યો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.આર. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**સુરત**

સ્વ. ડાયાભાઈ ભીમજીભાઈ સતાણીનું તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે ધનજીભાઈ ભીમજીભાઈ સતાણી(ભાઈ), મનુભાઈ ભીમજીભાઈ સતાણી(ભાઈ) તથા આશિષભાઈ ડાયાભાઈ સતાણી(પુત્ર) અને વિવેકભાઈ ડાયાભાઈ સતાણી(પુત્ર) થાય છે. તેમની દશા શ્રાદ્ધ ક્રીયા તા.૦૮/૦૫/૨૦૨૬ શુક્રવારના રોજ અને તેમની ઉત્તરક્રિયા તા.૦૯/૦૫/૨૦૨૬ને શનિવારના રોજ તેમના નિવાસસ્થાને બ્લોક નં.૧૧૯, સિદ્ધિવિનાયક સોસાયટી, ભક્તિ ઈન્ટરનેશનલ સ્કુલ, ગઢપુર રોડ, કઠોદરા ગામ, સુરત મુકામે રાખેલ છે.






સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : Rs. 2500/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧












### રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અમરેલી જિલ્લા પ્રચાર વિભાગ દ્વારા

# દેવર્ષિ નારદજી જન્મજયંતિએ અમરેલી જિલ્લાના પત્રકારોનું સ્નેહમિલન યોજાયુ





અમરેલી,તા.૦૩

આદ્ય પત્રકાર તરીકે જાણીતા દેવર્ષિ નારદજીની જન્મજયંતિને અનુલક્ષીને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અમરેલી જિલ્લા પ્રચાર વિભાગ દ્વારા અમરેલીની અવધ હોટલ ખાતે જિલ્લાના પત્રકારોનું સ્નેહમિલન યોજાયું હતું. સૌપ્રથમ વરિષ્ઠ પત્રકારો અને સંઘના અધિકારીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યારબાદ સંઘના ભાવનગર વિભાગ કાર્યવાહ વિપુલભાઈ જોશીએ વક્તવ્ય આપ્યુ હતું. વિપુલભાઈએ મહાભારત અને અન્ય ગ્રંથોના આધારે નારદજીના ગુણોના સંદર્ભે પત્રકારોના ગુણોની વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, આપણે નારદજીને કલેશ ઉત્પન્ન કરનારા ગણીએ છીએ પરંતુ વાસ્તવમાં તે કલેશ વડે સત્ય બહાર લાવનારા હતા. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, સમાજને સંભ્રમમાંથી બહાર કાઢવાનું કાર્ય પત્રકારોનું છે, આ માટે દ્રષ્ટિને સૂક્ષ્મ બનાવી, માહિતીના સોર્સ જાણી સત્યને બહાર લાવવું જોઈએ અને આ માટે કેન્દ્રિત દ્રષ્ટિ વિકસાવી જરૂરી છે, જેમ નારદજીની દ્રષ્ટિ માત્ર 'નારાયણ નારાયણ' નામ પર જ કેન્દ્રિત હતી. રાષ્ટ્રવિરોધી તાકાતો જો સંગઠિત થઈ કાર્ય કરતી હોય તો પત્રકારોએ પણ સંગઠિત થઈ કાર્ય કરવું પડશે અને સમાજને સત્ય દેખાડવું પડશે તો જ રાષ્ટ્રનો વિકાસ થશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જો એક સારો પત્રકાર પત્રકારત્વ છોડશે તો આટલા મોટા સમાજમાં કોઈ મોટો ફેર નહીં પડે પરંતુ એક સારો વિચાર હંમેશા માટે નાશ પામશે માટે પત્રકારોએ સતત પ્રયત્નો કરતા રહેવું પડશે. ત્યારબાદ પત્રકારોના પ્રશ્નો પર જિજ્ઞાસા સમાધાન પણ યોજાયું હતું જેમાં પત્રકારોએ સંઘકાર્યને લગતા ઉપસ્થિત કરેલા પ્રશ્નોનું સમાધાન પણ વિપુલભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આભારવિધિ કરી કાર્યક્રમને પૂર્ણ કરવામાં આવ્યો હતો તેમ અમરેલી જિલ્લા પ્રચાર પ્રમુખ હિમાંશુભાઈ ખંભોળિયાની યાદીમાં જણાવેલ છે.

# જિલ્લામાંથી ૧૦ નબીરાઓ નશાની હાલતમાં ઝડપાયા

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાં દારૂબંધીના કડક અમલ માટે પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલી ખાસ ઝુંબેશ અંતર્ગત ગત રાત્રિ દરમિયાન જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી કુલ ૧૦ જેટલા શખ્સો નશો કરેલી હાલતમાં પોલીસના હાથે ઝડપાઈ ગયા છે. જિલ્લા પોલીસ વડાની સૂચના મુજબ, મુખ્ય માર્ગો, હાઈવે અને અંતરિયાળ ગામડાઓમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ ચેકિંગ દરમિયાન શંકાસ્પદ જણાતા શખ્સોનું 'બ્રેથ એનાલાઈઝર' દ્વારા પરીક્ષણ કરવામાં આવતા તેઓએ નશો કર્યો હોવાનું સાબિત થયું હતું. આ શખ્સો જાહેરમાં નશો કરી લથડિયાં ખાતી હાલતમાં પકડાયા હતા. આ ઉપરાંત બે સ્થળેથી ૭ લીટર દેશી દારૂ મળ્યો હતો.

# અમરેલી RTO કચેરીમાં દારૂની ખાલી બોટલો મળતા સિક્યુરિટી ગાર્ડે ફરિયાદ નોંધાવી

અમરેલી, તા.૦૩

અમરેલી RTO કચેરીના કંપાઉન્ડમાં રણીધણી વગર પડેલા બિનવારસી વાહનોમાંથી દારૂની ખાલી બોટલો અને બીયરના ટીન મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. કચેરીમાં આવેલા બે યુવાનોએ આ બાબતે સ્ટાફ અને અધિકારીઓ વિરુદ્ધ આક્ષેપો કરી હોબાળો મચાવતા સિક્યુરિટી ગાર્ડ દ્વારા આ અંગે સત્તાવાર જાણ કરવામાં આવી હતી. સિક્યુરિટી ગાર્ડ હિમ્મતભાઈ કરમશીભાઈ જાદવે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તા.૩૦ના રોજ બપોરના આશરે અઢી વાગ્યાના સુમારે, આર.ટી.ઓ. કચેરીના મેઈન ગેઈટ પર અમરેલીના બે યુવાનો રજીસ્ટરમાં એન્ટ્રી કરાવ્યા વગર સીધા કંપાઉન્ડમાં પ્રવેશ્યા હતા. આ યુવાનોએ કંપાઉન્ડમાં પડેલા એક આઈસર ટ્રકની કેબીનનો દરવાજો ખોલી તપાસ કરતા તેમાંથી દારૂની ખાલી બોટલો મળી આવી હતી, જેના પગલે તેઓએ આર.ટી.ઓ. અને સ્ટાફ વિરુદ્ધ આક્ષેપો કરવાનું શરૂ કર્યું હતું. તેઓ અને સ્ટાફ દ્વારા તપાસ કરવામાં આવતા કંપાઉન્ડમાં પડેલા બે વાહનોમાંથી દારૂની ખાલી બોટલો મળી આવી હતી. આ તમામ બોટલો અને ટીન ઉપર ધૂળ-માટી ચડી ગયેલી હાલતમાં જોવા મળ્યા હતા. આ બોટલો આશરે ૧ થી ૨ વર્ષ જેટલી જૂની હોવાનું જણાય છે. સરકારી કચેરીના કંપાઉન્ડમાં આ પ્રકારે દારૂની ખાલી બોટલો ક્યાંથી આવી અને કોણ મૂકી ગયું તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

# ધારી રોડ પર એકસાથે ૮ સિંહોનું ગૃપ રસ્તા પર ટહેલવા નીકળ્યુ



અમરેલી,તા.૦૩

અમરેલી જિલ્લાના ધારી રોડ પર મોડી રાત્રે પ્રકૃતિનું એક અદ્ભૂત દૃશ્ય સર્જાયું હતું જેમાં એકસાથે આઠ સિંહણોનું ટોળું રસ્તો ઓળંગતું જોવા મળ્યું હતું. આ સમયે ત્યાંથી પસાર થતા એક જેસીબી ચાલકે સમયસૂચકતા વાપરી આ દૃશ્યો મોબાઈલમાં કેદ કર્યા હતા. સિંહણોની આ શાહી ચાલ જોઈને વાહનચાલકો થંભી ગયા હતા. હાલમાં આ વીડિયો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થઈ રહ્યો છે.

# લીલીયાના આંબા ગામે બાથરૂમમાં પગ લપસી જતાં માથામાં ગંભીર ઈજાથી યુવકનું મોત

લીલીયા, તા.૦૩

લીલીયા તાલુકાના આંબા ગામે એક અત્યંત દુ:ખદ અને કમનસીબ ઘટના સામે આવી હતી. ઘરે ન્હાવા જતી વખતે અચાનક પગ લપસી જતાં ગંભીર રીતે પટકાયેલા એક વ્યક્તિનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે લાલજીભાઈ વિઠ્ઠલભાઈ ખંખાળ (ઉ.વ.૩૬) એ જાહેર કર્યા મુજબ, વિજયભાઈ વિઠ્ઠલભાઈ ખંખાળ (ઉ.વ.૪૨) પોતાના ઘરે ન્હાવા માટે જઈ રહ્યા હતા, ત્યારે બાથરૂમ પાસે અચાનક તેમનો પગ લપસી ગયો હતો. પગ લપસવાને કારણે તેઓ જમીન પર જોરદાર પટકાયા હતા અને તેમના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. પડી જવાથી માથામાં થયેલી ગંભીર ઈજાને કારણે સારવાર અર્થે ખસેડ્યા હતા પરંતુ ટૂંકી સારવાર બાદ તેમનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. આ ઘટનાને પગલે આંબા ગામમાં અને મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. કે. ઘાંઘળ વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલાના થોરડી ગામે રહેતા મહેશભાઈ રામજીભાઈ પરમારનું ભુલથી ખડમાં છાંટવાની ઝેરી દવા પી જવાથી મોત થયાનું રામજીભાઈ હમીરભાઈ પરમારે જાહેર કર્યું હતું.

# કડીયાળી ગામના પાટીયા પાસે ટ્રેકર પર ૬ શખ્સોનો હુમલો

રાજુલા, તા.૦૩

થોડા મહિના પહેલા થયેલી સિંહોની વસતી ગણતરીમાં રાજ્યમાં સૌથી વધુ અમરેલી જિલ્લામાં સાવજનો વસવાટ હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત રોજબરોજ જિલ્લામાં કોઈને કોઈ ગામ-શહેરના સિંહના વીડિયો વાયરલ થતા હોય છે. આ દરમિયાન સિંહ દર્શન બાબતે ચાલી આવતી જૂની અદાવત રાખીને કડીયાળી ગામના પાટિયા પાસે વન વિભાગના એક ટ્રેકર પર છ શખ્સોએ જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી હતી. લોખંડના પાઈપ અને કુહાડી જેવા હથિયારો વડે થયેલા આ હુમલામાં ટ્રેકરને ગંભીર ઈજાઓ પહોંચતા ચકચાર મચી ગઈ હતી. બનાવ સંદર્ભે ભેરાઈ ગામે રહેતા અને ટ્રેકર તરીકે નોકરી કરતા બાબુભાઈ વાજસુરભાઈ વણજર (ઉ.વ.૪૫) એ કડીયાળી ગામના ભદ્રેશગીરી ગૌસ્વામી, આરસી દદુ, કુલદીપ ગંભીર બારૈયા, રામ ગંભીર બારૈયા, રાહુલ વલ્લભ તથા એક અજાણ્યા માણસ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ વન વિભાગમાં હંગામી ટ્રેકર તરીકે ફરજ બજાવે છે. બે દિવસ પહેલા સાંજે સાતેક વાગ્યે રિલાયન્સ પેટ્રોલ પંપ સામે, કડીયાળી ગામના પાટિયા પાસે પોતાની ફરજ પર હતા. તે સમયે રોડ પર નીલગાય અને ફોરવ્હીલ વચ્ચે અકસ્માત થયેલ હોય, જેની કાર્યવાહી ચાલી રહી હતી. તે દરમિયાન આરોપીઓ એકસંપ થઈને ત્યાં આવી પહોંચ્યા હતા. અગાઉ એક વર્ષ પહેલા અને તા. ૩૦/૦૪/૨૬ના રોજ સિંહ જોવા બાબતે થયેલી બોલાચાલીનું મનદુઃખ રાખી મુખ્ય આરોપી ભદ્રેશગીરીએ તેમને સાઈડમાં બોલાવ્યા હતા. 'ગઈકાલે તું શું દોઢો થતો હતો, સિંહ તો જોવાના જ છે' તેમ કહી ગાળો આપી હુમલો શરૂ કર્યો હતો. હુમલાખોરો પૂર્વઆયોજિત કાવતરા મુજબ ટ્રેકર પર તૂટી પડ્યા હતા. આરોપી ભદ્રેશગીરીએ પગમાં લાત મારી અને ખભા પર લોખંડના પાઈપ વડે હુમલો કર્યો હતો. જ્યારે અન્ય એક આરોપીએ ફરિયાદીના માથાના પાછળના ભાગે કુહાડી ઝીંકી દીધી હતી. તેઓ જીવ બચાવવા ભાગ્યા, ત્યારે અન્ય અજાણ્યા શખ્સોએ તેમને પકડી રાખ્યા હતા અને અન્ય આરોપીઓએ લોખંડના પાઈપ વડે સાથળ, પીંડી અને થાપાના ભાગે આડેધડ માર માર્યો હતો. આ હુમલામાં તેમને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. આરોપીઓએ તેમને ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ત્રીજ
તા.૪-૦૫-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૦૮,
સૂર્યાસ્ત-૦૭:૦૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અનુરાધા

## દૈનિક રાશિફળ

તા.૪-૦૫-૨૦૨૬ — સોમવાર

- મેષ: આજે મન પ્રસન્ન રહેશે અને ધર્મ અને આધ્યાત્મિકતામાં તમારી શ્રદ્ધા વધશે.
- વૃષભ: આજનો દિવસ તમારા માટે લાભ લાવશે પરંતુ તમારે કોઇ ચોક્કસ કાર્યની રાહ જોવી પડશે.
- મિથુન: તમારા માટે આજનો દિવસ શુભ રહેશે. મિત્રો સાથે લાંબી મુસાફરી પર જવા માટે યોજના બનાવી શકાય છે.
- કર્ક: આજનો દિવસ તમારા માટે પ્રતિકૂળ રહેશે. ક્ષેત્રમાં પદ અને સત્તાની મહત્વાકાંક્ષા વિરોધાભાસને જન્મ આપશે.
- સિંહ: આજે તમે અશક્ય કાર્યોને પણ શક્ય બનાવવાનો પ્રયાસ કરશો. વેપારીઓને આજે લાભ મેળવવા માટે વધુ મહેનત કરવી પડશે.
- કન્યા:આજનો દિવસ તમારા માટે આનંદકારક રહેશે. પરિવાર તરફથી સુખ મળશે અને પરિવાર તરફથી આનંદ મળશે અને રચનાત્મક કાર્યોમાં કાર્ય થશે.
- તુલા: ક્ષેત્રમાં અધિકારીઓ સાથે સારો જોડાણ થશે, જેને પ્રોત્સાહન મળવાની સંભાવના છે.
- વૃશ્ચિક: આજ દિવસે વધારે ગુસ્સો થવાને કારણે પરિવાર સાથે કોઈ બાબતે વિવાદ થવાની સંભાવના છે.
- ધન: કાર્યક્ષેત્રમાં તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરો, નહીં તો વરિષ્ઠ અધિકારીઓ સાથે અણબનાવ થઈ શકે છે.
- મકર: આજે તમે તમારા કાર્યમાં વ્યસ્ત રહેશો અને કોઇ પણ વિરોધીની ટીકા અને અવરોધ તરફ ધ્યાન ન આપીને તમારું કાર્ય ચાલુ રાખશો.
- કુંભ: આજે તમારા માટે અનુકૂળ રહીને તમે શારીરિક અને માનસિક સુખનો અનુભવ કરશો.
- મીન: અનિશ્ચિત સ્થિતિમાં રહીને તમારા હાથમાંથી નફોની તકો નીકળી શકે છે, પરંતુ આજે તમે તમારા સંતોષપૂર્ણ સ્વભાવને લીધે ઉદાસ નહીં રહો.

# અમરેલીના ચિત્રાસર ગામમાં વન્યજીવોનો આતંક: તંત્રની નિષ્ક્રિયતા સામે લોકરોષ



જાફરાબાદ, તા.૦૩

અમરેલી જિલ્લાના ચિત્રાસર ગામમાં વન્યજીવોનો આતંક ચરમસીમાએ પહોંચ્યો છે. મોડી રાત્રે વન્યજીવોએ ગૌશાળામાં ઘૂસી ૩ થી ૪ ગાયોનું મારણ કરતા પશુપાલકોમાં ભય અને રોષ વ્યાપ્યો છે. અગાઉ એક દીપડાએ માસૂમ બાળકીનો જીવ લીધો હોવા છતાં, વન વિભાગ ઊંઘતું હોય તેમ જણાય છે. સ્થાનિકોનો આક્ષેપ છે કે છેલ્લા એક મહિનાથી રજૂઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. રાત્રિ પેટ્રોલિંગનો અભાવ અને જવાબદાર અધિકારીઓનું વલણ ગ્રામજનોની સુરક્ષા સામે પ્રશ્નાર્થ ચિહ્નો ઊભા કરે છે. દીપડાઓ હવે રહેણાંક વિસ્તાર સુધી પહોંચી ગયા છે. રાત્રે ૧૧ થી સવારે ૫ દરમિયાન સઘન પેટ્રોલિંગ કરવામાં આવે અને પશુઓ તેમજ માનવજીવનની સુરક્ષા માટે વન વિભાગ તાત્કાલિક કડક પગલાં ભરે તેવી લોકોની માંગ છે.

# અમરેલીના મોટા ગોખરવાળા ગામે કલેક્ટરનો ગ્રામજનો સાથે સંવાદ

અમરેલી,તા.૦૩

અમરેલીના મોટા ગોખરવાળા ગામે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજે વિશેષ મુલાકાત લઈને ગ્રામ્ય સ્તરની વિવિધ સુવિધાઓ અને સરકારી કામગીરીની પ્રત્યક્ષ સમીક્ષા કરી હતી. મુલાકાત દરમિયાન કલેક્ટરે ગ્રામજનો સાથે સીધો સંવાદ સાધીને તેમના પ્રશ્નો સાંભળ્યા હતા અને તેના ઝડપી નિરાકરણ માટે સંબંધિત વિભાગોને જરૂરી સૂચનો આપ્યા હતા. તેમણે ગ્રામપંચાયત હસ્તક ચાલતા વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ અને યોજનાઓના અમલીકરણની વિગતો મેળવીને વહીવટી પારદર્શિતા જાળવવા તેમજ અધૂરા કામોમાં ગતિ લાવવા તાકીદ કરી હતી. આ ઉપરાંત કલેક્ટરે આંગણવાડી કેન્દ્રની મુલાકાત લઈ બાળકોના પોષણ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓની ચકાસણી કરી હતી.

# શેલણા ગામે શેલ નદીના પટમાંથી છ પત્તા પ્રેમી પકડાયા

વંડા, તા.૦૩

શેલણા ગામે શેલ નદીના પટમાંથી છ પત્તાપ્રેમી પકડાયા હતા. પોલીસે ૫૩૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. નનકુભાઈ વેરશીભાઈ વાઘેલા, મુનાભાઈ રાજુભાઈ પરમાર, રમેશગીરી ચંદુગીરી ગૌસ્વામી, પમાભાઈ મંગાભાઈ પરમાર, સંજયભાઈ ગોવિંદભાઈ પરમાર તથા ભગીરથગીરી પ્રવિણગીરી ગૌસ્વામી હારજીતનો તીનપતીનો જુગાર રમતા ઝડપાયા હતા.

# દેરડી (જાનબાઈ) ગામની પરિણીતા ગુમ

લાઠી, તા.૦૩

લાઠીના દેરડી (જાનબાઈ) ગામની પરિણીતા ગુમ થઈ હતી. આ અંગે સંજયભાઈ ધનજીભાઈ ઝાપડીયા (ઉ.વ.૪૩) એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની ગીતાબેન (ઉ.વ.૪૦) ઘરેથી કોઈને કાંઈ પણ કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. ઘણી શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.

# લીલીયા મોટામાં વાલ્મિકી સમાજ વિશે ગેરશબ્દો બોલનાર કલાકાર સામે એટ્રોસિટી હેઠળ ફરિયાદની માંગ



લીલીયા મોટા,તા.૦૩

અમરેલી જિલ્લાના લીલીયા મોટા ખાતે વાલ્મિકી સમાજ દ્વારા પોલીસ સ્ટેશનમાં રોષભેર આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. ગત તારીખ ૦૧/૦૫/૨૦૨૬ ના રોજ કોળીવાડા વિસ્તારમાં યોજાયેલા માતાજીના માંડવામાં કલાકાર રઘુભાઈ સમેજાએ જાહેર સ્ટેજ પરથી વાલ્મિકી સમાજ વિરુદ્ધ અશોભનીય અને ગેરબંધારણીય શબ્દોનો પ્રયોગ કર્યો હતો. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સમાજમાં ભારે રોષ ફેલાયો છે.

એડવોકેટ સંજય બગડા અને આગેવાનોની ઉપસ્થિતિમાં પી.આઈ. એમ.ડી. સાળુંકેને રજૂઆત કરવામાં આવી હતી કે કલાકાર સામે એટ્રોસિટી એક્ટ તથા આઈ.ટી. એક્ટ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવે. લીલીયામાં ભાઈચારાથી રહેતા સમાજની લાગણી દુભાવવા બદલ અનિલભાઈ વાળાએ ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે યોગ્ય કાર્યવાહી કરવાની ખાતરી આપી છે.

## તંત્રી લેખ

# ભાવનગર-અમદાવાદ રેલ લિંક: સંકલ્પથી સિદ્ધિ સુધીની સફર

ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ ઝોન વૈશ્વિક સમૃદ્ધિનું બની રહ્યું છે. વિશ્વમાં ભારતના પ્રથમ'ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી' તરીકે ઓળખાતું ધોલેરા SIR (સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજન) આજે વિકાસની નવી પરિભાષા લખી રહ્યું છે. ૯૨૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું આ શહેર સિંગાપોર કરતા પણ મોટું અને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિઝન મુજબ, ધોલેરા સેમિકન્ડક્ટર હબ અને ઉચ્ચ ટેકનોલોજી ઉદ્યોગો માટે વિશ્વનું મનપસંદ સ્થળ બની રહ્યું છે. અહીંનું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ અને અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વે આ વિસ્તારને વૈશ્વિક સ્તરે જોડશે. પરંતુ, આ વિકાસનો સાચો લાભ ત્યારે જ શક્ય છે જ્યારે તેને સક્ષમ રેલવે કનેક્ટિવિટી મળે.

નેતાગીરીની મક્કમતા અને રાજકીય ઈચ્છાશક્તિ ભાવનગર-અમદાવાદ રેલવે લાઈન જે દાયકાઓથી માત્ર એક માંગણી હતી, તેને વાસ્તવિકતામાં બદલવાનું શ્રેય વર્તમાન નેતાગીરીને જાય છે. કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવના સતત ફોલોઅપ અને અંગત રસને કારણે આ પ્રોજેક્ટમાં આવતા વન વિભાગના અવરોધો દૂર થયા છે. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે કાર્યકર્તાઓ અને વેપારી મંડળોએ કરેલી સતત રજૂઆતોએ દિલ્હી સુધી પડઘો પાડ્યો હતો. નાણામંત્રી નિર્મલા સીતારામન દ્વારા બજેટમાં કરવામાં આવેલી જોગવાઈ અને રેલવે વિભાગની ત્વરિત મંજૂરીઓ દર્શાવે છે કે આ પ્રોજેક્ટ હવે સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતામાં છે.

જમીન સંપાદન અને વન વિભાગની મંજૂરી કોઈપણ મોટા રેલવે પ્રોજેક્ટ માટે સૌથી મોટો પડકાર જમીન સંપાદન અને પર્યાવરણ વિભાગની મંજૂરી હોય છે. ભાવનગર-બાવળીયાળી વચ્ચેની ૩૨ કિલોમીટરની લાઈન માટે વન વિભાગની જરૂરી પરવાનગી હવે મળી ગઈ છે, જે એક મોટો વિજય છે. રેલવે મંત્રાલયે આ લાઈન માટે રેલ્વે કોરિડોરની જમીનને સમાંતર રીતે સંપાદિત કરવાની પ્રક્રિયા તેજ બનાવી છે. જમીન માલિકોને યોગ્ય વળતર અને કાયદાકીય પ્રક્રિયાના પાલન સાથે આ કામગીરી ગતિમાં છે. જમીન સંપાદનની આ પ્રક્રિયા પૂર્ણ થતાની સાથે જ સિવિલ એન્જિનિયરિંગ અને પાટા બિછાવવાનું કામ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવશે.

આ લાઈન તૈયાર થવાથી ૧૬૦ થી ૨૨૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડતી ટ્રેનો ભાવનગર અને અમદાવાદ વચ્ચેનું અંતર માત્ર ગણતરીના કલાકોમાં કાપશે. આનાથી અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ, હીરા ઉદ્યોગ અને લઘુ ઉદ્યોગોને નવું બળ મળશે. ભાવનગર માત્ર એક બંદર નહીં, પણ ધોલેરાના વિકાસ સાથે જોડાયેલું એક મુખ્ય આર્થિક કેન્દ્ર બની જશે.

# ધર્માંતરણ સામાજિક સમાનતા માટે એક મોટો પડકાર છે - (પુષ્પ : ૨૧)



વિચારપૂંજ
સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ચતુર્થ સરસંઘચાલક શ્રી રજ્જુભૈયાએ ઈ.સ. ૧૯૯૪ના વિજયાદશમીના ઉત્સવમાં સ્વયંસેવકોને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે, 'આ ચારે બાજુ ફેલાયેલા અંધકારમાં રાષ્ટ્રની પ્રગતિનો માર્ગ કયો છે ? સંઘ ફક્ત બીજા ઉપર ટિપ્પણી કરવામાં સંતોષ મેળવતો નથી. આપણો સિધ્ધાંત છે - અંધકાર સામે દુરુપયોગ કરીને નહીં પણ દીવો પ્રગટાવીને લડી શકાય છે. એ.બી.વી.પી.નું એક ગીત છે : 'ચલો જલાયે દીપ વહા, જહા અભી ભી અંધેરા હૈ.' આપણે સંઘ શાખામાં આવતા સ્વયંસેવકોમાં આત્મવિશ્વાસ, દેશભક્તિ, શિસ્ત અને સખત મહેનતની ભાવના પેદા કરીએ છીએ. આપણે આપણો આ પ્રાચીન દેશ - જે સદીઓથી હિન્દુ રાષ્ટ્ર રહ્યો છે અને જેણે ઘણા ઉતાર ચઢાવ જોયા છે - તેને ફરીથી મહાન બનાવીશું. આપણે તેમના મનમાં આ સંકલ્પ જાગૃત કરીએ છીએ અને આ ભાવના જાગૃત કરવાથી જ કામ થઈ શકે છે. જે લોકો આ દેશને પ્રેમ કરે છે. તેની સંસ્કૃતિ પ્રત્યે આદર ધરાવે છે અને તેના મહાપુરુષો પ્રત્યે પોતાના પણ હું અને સદભાવનાની લાગણી ધરાવે છે - તેઓ બધા હિન્દુ છે અને આ દેશના નાગરિક છે. આ બાબતોમાં શ્રધ્ધા ન ધરાવતો ભક્ત ગમે તેટલો મોટો હોય ભલે તેણે પોતાનું માથું કાપીને શિવની પૂજા કરી હોય તો પણ તે આપણા માટે રાક્ષસ જેવો જ છે. રાષ્ટ્ર પ્રત્યેની અમર્યાદિત ભક્તિમાંથી જન્મેલી સામાજિક લાગણી જ ભ્રષ્ટાચારને નાબૂદ અને કાર્યની ચેતનાને જાગૃત કરી શકે છે. વિવિધ ક્ષેત્રોમાં કામ કરતા આપણા સ્વયંસેવકોના વર્તનમાં આપણે આનો સીધો અનુભવ કરીએ છીએ. આપણા દેશના લોકો બીજા કોઈ કરતા ઓછા પ્રતિભાશાળી નથી. જો કોઈ ખામી હોય તો તે દેશ પ્રત્યેની પ્રતિબધ્ધતા અને લાગણી હોય છે અને તેનું જ આપણે સર્જન કરીએ છીએ. આ આત્મીયતાની ભાવનામાંથી સામાજિક સમરસતા પણ આવશે. ત્યારે જ સમગ્ર હિન્દુ સમાજ પોતાના અંગત નફા -નુકશાન ભુલીને સમગ્ર દેશના નફા - નુકશાનની ચિંતા કરશે. સંઘનું કાર્ય સમાજની સજ્જન શક્તિને જાગૃત કરવાનું અને તેને કાર્યશીલ બનાવવાનું છે. તે સુઈ રહી છે. કળિયુગમાં ચાલાક લોકો વધુ સક્રિય હોય છે. જો આપણે સજ્જનોની શક્તિને સક્રિય અને સારા ગુણોથી સંપન્ન બનાવીએ અને તેનો ઉપયોગ દેશની સેવા માટે કરીએ તો ઈચ્છિત ફેરફારો થોડા સમયમાં આવવા લાગશે. આ પવિત્ર દિવસે આપણે બધા પ્રતિજ્ઞા લઈએ કે, આપણે આ દેશ અને સમગ્ર સમાજના સર્વાંગી વિકાસમાં દરેક દરેક પોતાના કણ - કણ અને ક્ષણ - ક્ષણનું યોગદાન આપીશું. જ્યારે ૭૦ - ૮૦ કરોડ લોકોની આ દૈવી શક્તિ ઉત્પન્ન થશે ત્યારે રાવણની લંકાનો નાશ થશે.

જ્યારે દેશની આર્થિક સ્થિતિ કથળી રહી હતી, વિદેશી દેવું અને તેનાથી ઊભી થતી સમસ્યાઓ વધી રહી હતી, નાના ઉદ્યોગો નાશ પામી રહ્યા હતા, ત્યારે આંતરરાષ્ટ્રીય કંપનીઓ આપણા દેશમાં એકઠી થઈ રહી હતી અને આ દેશની અર્થવ્યવસ્થા પર કબજો કરવાનો પ્રયાસ કરી રહી હતી. કમનસીબે આંતરરાષ્ટ્રીય કટોકટીના સમયમાં આપણા દેશમાં સાંપ્રદાયિકતા મોટા પાયે વધી ગઈ હતી અને સમાજ વિવિધ જાતિઓમાં વહેંચાયેલો હતો. પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ થઈ રહ્યું હતું. તેથી સંઘે આ બધી બાબતોની ચર્ચા કરવાનું ખૂબ જ મહત્વપૂર્ણ માન્યુ. સંઘ હિંદુ સમાજને સંગઠિત કરવા માંગે છે અને વૈશ્વિકીકરણ, જાતિવાદ, પશ્ચિમનું આંધળું અનુકરણ, આ બધા હુમલાઓ હિન્દુ સમાજને નિશાન બનાવી રહ્યા હતા. આ પૃષ્ઠભૂમિ પર રજ્જુભૈયાએ ઈ.સ. ૧૯૯૫ ના વિજયાદશમી ઉત્સવ પર માર્ગદર્શન આપતા કહ્યું હતું કે, આર્થિક વિકાસ વિશે ઘણું બધું કહેવામાં આવી રહ્યું છે. વિદેશી દેવું વધી રહ્યું છે. આપણા કુલ બજેટનો ૫૦ % હિસ્સો વ્યાજમાં જઈ રહ્યો છે. ઉદારીકરણના નામે બહુરાષ્ટ્રીય કંપનીઓ પ્રવેશ કરી રહી છે. પરિણામે આપણા દેશમાં નાના ઉદ્યોગો બંધ થઈ રહ્યા છે.

ઉપભોક્તા ક્ષેત્રમાં પેપ્સી, કોલા, અંકલ ચિપ્સ આ ક્ષેત્રમાં પ્રવેશી ચૂક્યા છે. ગયા વર્ષે સ્વદેશી જાગરણ મંચે આ અંગે ઘણો પ્રચાર કર્યો છે. આ સાથે એનરોનના કારણે બધાને સમજાયું છે કે મૂળભૂત ક્ષેત્રોમાં પ્રવેશ કરી રહેલી વિદેશી કંપનીઓ કેવી રીતે લાભ ઉઠાવશે. આટલી ખરાબ આર્થિક સ્થિતિમાં પણ સરકારી ખર્ચમાં કોઈ ઘટાડો થયો નથી. ૨૮ સાંસદોનું એક જૂથ વિદેશમાં હિન્દીના ઉપયોગમાં થયેલી પ્રગતિ જોવા માટે વિદેશ ગયું હતું. તેમાંથી ઘણા સાંસદોને હિન્દી આવડતું પણ નથી, દરેક મંત્રીનો ટેલિફોન ચાર્જ ખર્ચ ૧ લાખ રૂપિયાથી વધુ છે અને તે જૂના રાજાઓ કરતાં ઘણા મોંઘા છે. આત્મનિર્ભર અને સ્વાભિમાની રાષ્ટ્ર બનાવવા માટે કોઈ પ્રયાસ કરવામાં આવી રહ્યા નથી. એવું લાગતું હતું કે આપણા દેશમાં રોગોની અછત છે, તેથી આપણા સ્વાર્થી રાજકારણીઓએ કેટલાક વધુ ખતરનાક રોગો ઉમેર્યા છે. હવે વ્યક્તિ તેના ગુણો કે ક્ષમતાઓથી નહીં પણ તેની જાતિથી ઓળખાશે. તેના કારણે તેને નોકરી મળશે અને ચૂંટણી જીતશે. તે કોઈના હાથમાં નથી કે તે કયા ઘરમાં જન્મે છે અને કઈ જાતિનો છે પણ ગુણવાન અને સક્ષમ બનવું તે પોતાના હાથમાં છે અને જો આ બાબતોનું મૂલ્ય ન હોય તો આ બધું શું કામ મેળવવું ? જો આપણે દેશને સુધારવો હોય ત રાજકારણમાંથી જાતિવાદ અને ગુનાહિતતાને દૂર કરવી પડશે. આપણને આપણા શાસક તરીકે એક સારો માણસ જોઈએ છે. કહેવાય છે કે 'જાતિ ના પૂછો સાધુ કી, પૂછ લીજીયો જ્ઞાન' સારા લોકો રાજકારણમાં આવે તે સુનિશ્ચિત કરવું મોટા ભાગે આપણા હાથમાં છે. દરેક વ્યક્તિએ આ વાત પર ધ્યાન આપવું જોઈએ. દરેક વ્યક્તિએ વિચારવાનો વિષય છે કે છેલ્લા ૫૦ વર્ષમાં દેશ આટલી ખરાબ સ્થિતિમાં કેવી રીતે પહોંચ્યો ? આનું મુખ્ય કારણ દેશના નેતાઓની માનસિક ગુલામી છે. આ રાષ્ટ્ર ખૂબ જ મહાન રહ્યું છે અને તેણે ઘણા ક્ષેત્રોમાં વિશ્વને માર્ગદર્શન આપ્યું છે. આ ભૂલીને આપણા નેતાઓ ક્યારેક બ્રિટીશરો, ક્યારેક રશિયાનો અને આજકાલ અમેરિકાનું અનુકરણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. જો આપણે છેલ્લા હજારો વર્ષોના મહાન ઈતિહાસને ભુલી જઈએ અને ફક્ત ૧૦૦ કે ૨૦૦ વર્ષના ઈતિહાસ પર નજર કરીએ તો તેમાંથી પ્રેરણા અને આત્મવિશ્વાસ મેળવવો આપણા માટે મુશ્કેલ બનશે. આપણા નેતાઓ તે જૂના ઈતિહાસથી ચિડાઈ ગયા છે. કારણ કે તેઓ તેને હિન્દુ ઈતિહાસ તરીકે જુએ છે. જો હજારો વર્ષ પહેલાં આ દેશમાં રામનું રાજ્ય હતું, શ્રી કૃષ્ણએ ગીતા કહી હતી, ચંદ્રગુપ્ત અને વિક્રમાદિત્ય અસ્તિત્વમાં આવ્યા હતા અને તેમણે મહાન કાર્યો કર્યા હતા અને તે સમયે મુસ્લિમો અને ખ્રિસ્તીઓ નહોતા તો આમાં ભારતનો શું વાંક છે ? હિન્દુ ધર્મ એક મહાન જીવનશૈલી છે. આપણને આનો ગર્વ હોવો જોઈએ. તેમાં બધા ધર્મો અને સંપ્રદાયો માટે સ્થાન છે. ભારતના મુસ્લિમોનો ઔરંગઝેબ, મહમુદ ગોરી અને મહમૂદ ગઝનવી સાથે કોઈ સંબંધ નથી. તેમને આ દેશના મહાન લોકો પર ગર્વ હોવો જોઈએ. કમનસીબે બ્રિટિશ શાસન દરમિયાન કોંગ્રેસે મુસ્લિમોની ખુશામત કરવાની નીતિ અપનાવી હતી. આજે પણ એ જ નીતિ અપનાવવામાં આવી રહી છે. દેશમાં મોટે પાયે ચાલી રહેલ મુસ્લિમ તૃષ્ટિકરણ અને વૈશ્વિકસ્તરે વધતો આતંકવાદી ખતરો રાષ્ટ્રીય વિચારસરણી ધરાવતા કોઈ પણ સંગઠન માટે ખૂબ જ ચિંતાનો વિષય છે. આમાં સંઘ અપવાદ કેવી રીતે હોઈ શકે ? જ્યારે આતંકવાદ વૈશ્વિક સમસ્યા બની ગયો છે ત્યારે આપણા દેશમાં ધર્મનિરપેક્ષતા' વધી રહી છે. જે રાજકીય પક્ષો અને સંગઠનો ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મને મત પેટીઓના રૂપમાં પોતાની સાથે રાખવાની યોજના બનાવી રહ્યા હતા તેઓ દેશની સામાજિક વાસ્તવિકતા પ્રત્યે આંખ આડા કાન કરી રહ્યા હતા.ધર્માંતરણ સામાજિક સમાનતા માટે એક મોટો પડકાર છે આ રીતે રજ્જુભૈયાએ ભારતની તત્કાલીન પરિસ્થિતિ વખતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની ભૂમિકા શું હોઈ શકે એ બાબતે અને સામાજિક સમરસતા જેવા સંઘના લક્ષ્ય વિશે સ્પષ્ટતાઓ સાથે વિસ્તૃત વાત કરી હતી.

# માણસની દુનિયામાં 'સારો માણસ' કોને ગણવો ?



મનન ચિંતન
ભરત બાવીશી

"માણસ કેવો છે?" તે આમ તો જાણવું અઘરું છે, છતાં જો તે માણસનો પશુ,પ્રકૃતિ અને માણસ સાથેનો વ્યવહાર જોઈને કહી શકાય કે બહાર દેખાતો માણસ અંદર કેવો છે.

માનવજીવનમાં સૌથી જટિલ અને રસપ્રદ વિષય હોય તો તે છે "માણસને ઓળખવો". બહારથી દરેક વ્યક્તિ સરસ, સૌમ્ય અને સારા સ્વભાવનો દેખાઈ શકે છે, પરંતુ અંદરનો સ્વભાવ, સંસ્કાર અને વિચારધારા સમજવી સહેલી બાબત નથી. સાચી ઓળખ માટે સમય, નિરીક્ષણ અને સમજ જરૂરી છે. ઘણીવાર આપણે દેખાવ કે વાતોથી પ્રભાવિત થઈ જઈએ છીએ, પરંતુ જીવનમાં આપણને શીખવે છે કે "વ્યક્તિત્વ શબ્દોથી નહીં, પરંતુ વર્તનથી માપવું જોઈએ."

૧. કથની અને કરણીની એકરૂપતા

કોઈ પણ વ્યક્તિને ઓળખવાનો પ્રથમ અને સૌથી મહત્વનો માપદંડ છે તેની કથની અને કરણી વચ્ચેનો સંબંધ. જે વ્યક્તિ બોલે જુદું અને કરે બીજું, તે વિશ્વાસ લાયક નથી. જ્યારે જે વ્યક્તિ પોતાના શબ્દોનું પાલન કરે છે, તે વિશ્વાસપાત્ર બને છે. ઉદાહરણ તરીકે, કોઈ મિત્ર મુશ્કેલીમાં મદદ કરવાનું વચન આપે અને વાસ્તવમાં મદદ કરે, તો તે સાચો મિત્ર કહેવાય.

૨. સંવેદના અને સહાનુભૂતિ

માનવતાનું સૌથી સુંદર લક્ષણ છે સંવેદના. જેને સજીવ માત્ર પ્રત્યે સંવેદના હોય,જે વ્યક્તિ બીજાના દુઃખને સમજે છે,સહાનુભૂતિ દર્શાવે છે અને મદદ કરવા આગળ આવે છે, તે હૃદયથી સમૃદ્ધ હોય છે. ઘણીવાર કોઈ વ્યક્તિ જરૂરિયાતમંદનેમદદ કરે છે કે કોઈ દર્દીની સેવા કરે છે, તે તેની અંદરની માનવતાને દર્શાવે છે.

૩. સંકટ સમયે વર્તન

સુખમાં સૌ સાથે હોય છે, પરંતુ દુઃખમાં કોણ સાથ આપે છે તે સાચી ઓળખ આપે છે. સંકટના સમયમાં વ્યક્તિની ધીરજ,સમજૂતી અને સહકાર તેની સાચી છબી રજૂ કરે છે. કોઈ મુશ્કેલ પરિસ્થિતિમાં શાંત રહીને યોગ્ય નિર્ણય લેતો માણસ સારો અને સાચો માણસ કહેવાય.

૪. અહંકાર અને વિનમ્રતા

જ્ઞાન, સંપત્તિ કે પદ મળવાથી ઘણા લોકોમાં અહંકાર આવી જાય છે. પરંતુ સાચો મહાન માણસ તે જ છે જે ઊંચા સ્થાને હોવા છતાં નમ્ર રહે છે. "ફળદાર વૃક્ષ હંમેશા ઝુકે છે" આ કહેવત વિનમ્રતાનું સુંદર ઉદાહરણ છે.

૫. સમય અને શિસ્ત પ્રત્યેનો અભિગમ

સમયનું મૂલ્ય સમજનાર વ્યક્તિ જીવનમાં સફળ બને છે. જે વ્યક્તિ સમયનું પાલન કરે છે, વચનનું માન રાખે છે અને

શિસ્તબદ્ધ જીવન જીવે છે, તે વિશ્વસનીય હોય છે.જેને કોઈ રોકનાર કે ટોકનાર ના હોય છતાં પણ સ્વયંભૂ શિસ્તનું

પાલન કરનાર, સમયસર કામ પૂરૂં કરનાર અને નિયમિતતા સારા માણસની શ્રેષ્ઠ નિશાની છે.

૬. સંબંધો નિભાવવાની રીત

વ્યક્તિ કેવી રીતે તેના સંબંધો નિભાવે છે તે તેની ઓળખનું મહત્વનું લક્ષણ છે. જે વ્યક્તિ સંબંધોમાં સચ્ચાઈ, વિશ્વાસ અને પ્રેમ જાળવે છે, તે હંમેશા માન પામે છે. નાનાં-મોટાં બધાં સાથે સન્માનથી વર્તવું એ સારા માણસની ઓળખ છે. માત્ર ઔપચારિકતા નહીં પણ દિલથી સબંધ નિભાવનાર વ્યક્તિ સારા માણસની નિશાની છે.

૭. ગુસ્સો અને ધીરજ

ગુસ્સો દરેકને આવે છે, પરંતુ તેને કેવી રીતે સંભાળવો તે મહત્વનું છે. જે વ્યક્તિ મુશ્કેલ પરિસ્થિતિમાં પણ શાંત રહે છે

અને ધીરજ રાખે છે, તે પરિપક્વ કહેવાય. ગુસ્સામાં લેવાયેલા નિર્ણયો ઘણીવાર ખોટા સાબિત થાય છે.

૮. સચ્ચાઈ અને ઈમાનદારી

સાચો માણસ હંમેશા સચ્ચાઈના માર્ગ પર ચાલે છે. ઈમાનદારીથી જીવવું મુશ્કેલ હોઈ શકે, પરંતુ તે વ્યક્તિને અંદરથી મજબૂત બનાવે છે. ખોટુ બોલીને તાત્કાલિક ફાયદો મળી શકે, પરંતુ સચ્ચાઈ લાંબા ગાળે માન અપાવે છે.

૯. આભાર માનવાની ભાવના

જે વ્યક્તિ નાનામાં નાની મદદ માટે પણ આભાર વ્યક્ત કરે છે, તે સંસ્કારી હોય છે. આભાર માનવાથી સંબંધો મજબૂત બને છે અને મનમાં વિનમ્રતા રહે છે.

૧૦. સતત નિરીક્ષણ અને અનુભવ

કોઈને એક જ મુલાકાતમાં ઓળખી શકાય નહીં. સમય સાથે તેના વર્તન, નિર્ણયો અને પરિસ્થિતિઓમાં તેના પ્રતિસાદને જોવાથી સાચી ઓળખ મળે છે. અનુભવથી જ માણસની સાચી ઓળખ થાય છે પણ શરૂઆતથી જ માણસને ઓળખવો હોય તો ઉપરના લક્ષણોથી સારા માણસનો અંદાજ લગાવી શકાય છે.

નિષ્કર્ષ:-

માનસને ઓળખવો એ એક કલા છે, જે સમય અને સમજ સાથે વિકસે છે. બહારના દેખાવ કે મીઠી વાતોથી નહીં, પરંતુ તેની અંદરના મૂલ્યો, સંસ્કાર અને વર્તન પરથી ઓળખ કરવી જોઈએ. સાથે સાથે આપણે પોતે પણ એવા બનવાનો પ્રયત્ન કરવો જોઈએ કે લોકો આપણને આપણા સારા ગુણોથી ઓળખે.

ટૂંકમાં જોઈએ તો જે કદી કોઈને ડરાવતો ન હોય,તેમજ જે કોઈથી ડરતો ન હોય , મૂંઝાયેલો માણસ તેની પાસે જઈને હળવો થઈ જતો હોય, તેની પાસે બેસીને માણસને શુકુન મળતું હોય,અજાણ્યો માણસ જેના પર ભરોસો કરી શકતો હોય અને પોતાની અંગત વાતો કહીને હળવો થઈ શકતો હોય, જે દુઃખીને જોઈને દુઃખી બનતો હોય અને સુખીને જોઈને ખુશ થતો હોય,જેને વૃદધો અને સ્ત્રી પ્રત્યે આદર અને પવિત્ર ઊર્મીઓ હોય, જેના દિલમાં અપાર દયા અને કરુણા હોય,જે માણસ બીજાના દુઃખને કે પ્રેમને જોઈને ભાવવિભોર બની જતો હોય અને પોતાના અહંમ કે સન્માન માટે નિષ્પ્રુહી હોય,જે હંમેશા માણસની મોટાઈ કરતા માણસાઈને વધારે મહત્વની ગણતો હોય,આવા માણસો વિશાળ હૃદયના, શુદ્ધ ચારિત્રના અને નેક ઈરાદવાળા હોઈ શકે તેમ સમજવું. આવા લક્ષણો મહાપુરુષોના લક્ષણો છે. તેમાંના થોડા ઘણા લક્ષણો પણ જે માણસમાં જોવા મળે તો તેને માણસની દુનિયામાં સારો માણસ ગણવો.

> "ચહેરા તો હજારો મળે રસ્તામાં,
> પણ ચહેરા પાછળનું મન ઓળખવું કળા છે;
> શબ્દોથી નહીં, વર્તનથી ઓળખાય માણસ,
> એજ જીવનનું સાચુ ભણતર છે."

# ભણેલો યુવાન ખેડૂત બન્યો - દેવેશ પટેલની પ્રેરણાદાયક સફર







ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

આજના સમયમાં મોટાભાગના યુવાનો ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કર્યા પછી સારી નોકરી અને ઊંચા પગારની પાછળ દોડતા જોવા મળે છે. પરંતુ કેટલીક વ્યક્તિઓ એવી પણ હોય છે જે પોતાના મૂળ અને માટી સાથે જોડાયેલા રહેવાનું પસંદ કરે છે. આવી જ એક પ્રેરણાદાયક કહાની છે આણંદ જિલ્લાના બોરીયાવી તાલુકાના બોરીયાવી ગામના દેવેશ રમેશભાઈ પટેલની.

દેવેશભાઈએ કોમ્પ્યુટર એન્જિનિયરિંગ સુધીનો ઉચ્ચ અભ્યાસ કર્યો છે. અભ્યાસ પૂર્ણ કર્યા પછી તેમને દેશ-વિદેશમાં સારી નોકરીની ઓફરો પણ મળી હતી, અને અમેરિકા જવાના વિઝા પણ મંજૂર થયા હતા. છતાં, તેમણે આ બધું છોડી પોતાનું જીવન ખેતીને અર્પણ કરવાનો નિર્ણય લીધો. કારણ કે ખેતી તેમના લોહીમાં હતી-બાળપણથી જ પિતા સાથે ખેતરમાં કામ કરવાનો અનુભવ અને માટી પ્રત્યેનો પ્રેમ તેમને ખેતી તરફ ખેંચતો રહ્યો.

ખેતી શરૂ કરતા પહેલા દેવેશભાઈએ આધુનિક રીતે ખેતી કેવી રીતે કરી શકાય તેની ઊંડાણપૂર્વક માહિતી મેળવી. કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, સફળ ખેડૂતો અને વિવિધ સંશોધનો દ્વારા તેમણે શોર્ટ ટર્મ અને લોંગ ટર્મ પાકોના આયોજનથી વધુ આવક કેવી રીતે મેળવી શકાય તે સમજ્યું. તેમના વિચારમાં એક મહત્વનો મુદ્દો સ્પષ્ટ હતો-"ખેતીમાં પૈસા ઉત્પાદનથી નહીં, પરંતુ બજાર વ્યવસ્થાથી મળે છે."

આ વિચારને સાકાર કરવા માટે દેવેશભાઈએ ૨૦૨૧માં ગુજરાત રાજ્યની પ્રથમ પ્રાકૃતિક FPO ની સ્થાપના કરી, જેનું નામ "ધ વન ગુજરાત ઓર્ગેનિક ફાર્મ પ્રોડ્યુસર કો-ઓપરેટિવ સોસાયટી" રાખ્યું. આ સંસ્થાનું મુખ્ય ઉદ્દેશ પ્રાકૃતિક ખેતી કરતા અને સર્ટિફિકેટ ધરાવતા ખેડૂતોને તેમના ઉત્પાદનો માટે યોગ્ય બજાર અને યોગ્ય ભાવ મળે તેવું મંચ આપવાનું હતું. આજે આ સંસ્થા સાથે લગભગ ૪૫૦ જેટલા ખેડૂતો જોડાયેલા છે. સંસ્થા ખેડૂતો પાસેથી અનાજ, કઠોળ, તેલીબીયા, મસાલા અને બાગાયતી પાકો ખરીદે છે, ત્યારબાદ તેનું ગ્રેડિંગ, સૉર્ટિંગ અને પેકિંગ કરીને બજારમાં વેચાણ કરે છે. આ પ્રક્રિયા દ્વારા ખેડૂતોને તેમના ઉત્પાદનો માટે યોગ્ય અને ન્યાયસંગત ભાવ મળે છે, અને સંસ્થાએ પણ ખૂબ સારી પ્રતિષ્ઠા મેળવી છે. ખાસ વાત એ છે કે આ સંસ્થા શરૂઆતથી જ નફાકારક સાબિત થઈ છે.

ખાલી સંસ્થા જ નહીં, પરંતુ દેવેશભાઈ પોતે પણ એક સફળ પ્રગતિશીલ ખેડૂત છે. તેઓ હળદર, આદુ અને બટાટાની ખેતી કરે છે અને તેમાંથી વેલ્યુ એડિશન કરીને વધુ આવક પ્રાપ્ત કરે છે. તેમની ખેતીમાં આધુનિક પદ્ધતિઓ, આયોજન અને બજાર આધારિત વિચારસરણી સ્પષ્ટ જોવા મળે છે.

દેવેશભાઈનો સંદેશ યુવાનો માટે ખૂબ સ્પષ્ટ અને પ્રેરણાદાયક છે. તેઓ કહે છે કે "જો ખેડૂતનો દીકરો ખેતી છોડશે, તો ભવિષ્યમાં ધરતી પણ તેને સાથ નહીં આપે." તેઓ માને છે કે બાપદાદાની જમીન વેચવા માટે નથી, પરંતુ આધુનિક ખેતી કરીને તેને વધુ ઉપજાઉ અને લાભદાયક બનાવવી જોઈએ. આજે જરૂર છે કે ભણેલા અને જાગૃત યુવાનો ખેતી સાથે જોડાય. આધુનિક ટેક્નોલોજી, યાંત્રિકીકરણ અને બજારની સમજણ દ્વારા ખેતીને એક નફાકારક વ્યવસાય બનાવી શકાય છે. દેવેશભાઈનું ઉદાહરણ એ સાબિત કરે છે કે જો યોગ્ય દિશામાં મહેનત કરવામાં આવે તો ખેતી અને પશુપાલન જેવા ક્ષેત્રોમાં પણ મોટા પ્રમાણમાં સફળતા મેળવી શકાય છે. ખેતી માત્ર ઉત્પાદન પૂરતું મર્યાદિત ન રહે, પરંતુ ખેડૂત એક સફળ વેપારી બને એજ આજના સમયની માંગ છે. દેવેશ પટેલ જેવા યુવાનો આ દિશામાં પ્રેરણા બની રહ્યા છે. દેવેશભાઈનો સંપર્ક નંબર.૯૮૨૪૫૦૬૮૭૮ છે.

## :: તિખારો ::

માણસના ચહેરા વાંચવા સાવ સહેલા છે.પણ મન ઓળખવા ખુબ અઘરા છે.કારણ કે દેખાય એ હંમેશા સત્ય નથી હોતું, જે સત્ય છે તે દેખાતુ નથી.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801







**ફેરોમોનનો ઉપયોગઃ-** અઠવાડીક ખેતી કાર્યો જીવાત નિયંત્રણમાં ફેરોમોનનો ઉપયોગ જીએપીનું એક અગત્યનું અંગ છે. જીવાત વ્યવસ્થાપનમાં ફેરોમોનનો ઉપયોગ જીવાત ઉપર દેખરેખ રાખવા માટે, જંતુનાશક દવાના છંટકાવનો સમય નક્કી કરવા માટે, જીવાતને પકડીને સામૂહિક રીતે નાશ કરવા માટે અને સમાગમ વિક્ષેપન માટે વપરાય છે. શેરડીના જુદા જુદા વેધકો, પાન ખાનાર ઈયળ, લીલી ઈયળ, ગુલાબી, કાંટાવાળી, તેમજ ટપકા વાળી ઈયળો, રીંગણની ડૂંખ અને ફળ કોરી ખાનાર ઈયળ, ફળ માખી,હીરાફૂદીની ઈયળ વગેરેના નરને આકર્ષીને મારતા ટ્રેપનો ઉપયોગ આ જીવાતોના નિયંત્રણ માટે કરી શકાય. રીંગણના તેમજ ચણાના પાકમાં આ પધ્ધતિ અસરકારક સાબિત થઈ છે. નાળિયેરીની વાડીમાં ચાંચવામાં તેમજ ગેંડાના પુખ્ત કીટકોને આકર્ષીને મારતા ટ્રેપ બજારમાં ઉપલબ્ધ છે. ચીકુની કળી કોરી ખાનાર ઈયળો માટે કાળી તુલસીના પાનનો રસનો ઉપયોગ કરી ટ્રેપ મૂકવાથી આ ઈયળની નર ફૂદીને આકર્ષી નાશ કરી તેની સંખ્યા ઘટાડી શકાય છે. કપાસની ગુલાબી ઈયળના નિયંત્રણમાં ફેરોમોન આધારિત સમાગમ વિક્ષેપન પધ્ધતિ ખૂબ જ ઉપયોગી સાબિત થઈ છે. વેલા વાળા શાકભાજી પાકો જેવાકે ગલકા, તુરીયા, દુધી, કારેલા અને ફળ પાકો જેવાકે તરબુસ અને શાકરટેટીમાં ફળમાખીના નિયત્રણ માટે ફળમાખી ટ્રેપ મુકવાથી ફાયદો થાય છે.

## જૈવિક નિયંત્રકોનો ઉપયોગ અને તેનું સંરક્ષણઃ-





- બજારમાં વેપારી ધોરણે મળતા ટ્રાઈકોગ્રામાને પ્રતિ હેક્ટર દોઢ લાખ પ્રમાણે, લીલી ઈયળનાં ઈંડા દેખાય ત્યારથી શરૂઆત કરીને પાકની અવધિ દરમિયાન, પાંચ થી છ વખત છોડવાથી લીલી ઈયળનું અસરકારક નિયંત્રણ કરી શકાય છે.
- ખેતરના એક ખૂણે એકાદ ગૂંઠામાં કાસીન્દ્રો, મકાઈ, તમાકુ, ગલગોટા ઉગાડી પરજીવી અને પરભક્ષી કીટકોનું અભયારણ્ય ( એન્ટોમોફોગ પાર્ક) બનાવવાથી જૈવિક નિયંત્રકોની વસ્તી વધે તેમજ જળવાઈ રહે છે.
- બી.ટી.કે. નામના બેક્ટેરિયાના પાવડરનો પ્રતિ હેક્ટરે અર્ધાથી કે એક કિલોગ્રામના પ્રમાણમાં ઉપયોગ કરવાથી લીલી ઈયળ, કોબીજની હીરાફૂદી, પાન ખાનાર ઈયળનું અસરકારક નિયંત્રણ કરી શકાય છે
- બજારમાં પાન ખાનાર ઈયળ અને લીલી ઈયળ માટે વાઈરસ (એન.પી.વી.) ઉપલબ્ધ છે તેનો પધ્ધતિસર ઉપયોગ કરવો જોઈએ.
- કપાસના મુખ્ય પાકમાં છોડની કુલ સંખ્યાના પાંચ ટકાના પ્રમાણે મકાઈના છોડની વાવણી કરવાથી તેના ઉપર આવતી મોલોનો ( જે કપાસની મોલો કરતા જુદી હોય છે ) ઉપદ્રવ વહેલો શરૂ થતાં તેને ખાવા માટે પરભક્ષી દાળિયા ?
- ઢાલિયા કીટકો આવે છે અને તેમની વસ્તી વધતાં કપાસ ઉપર આવતી મોલોનું નિયંત્રણ કરવામાં ઉપયોગી થાય છે.
- ઈયળો અને મીલીબગના નિયંત્રણ માટે બોવેરીયા બેઝીઆના જૈવિક ફુગનો ઉપયોગ કરવો જોઈએ.
- નેમેટોડ્નાં નિયંત્રણ માટે પેસીલીયોમાઈસીસ લીલાસીનસ જૈવિક ફુગનો ઉપયોગ કરવો જોઈએ.
- સુકારા/મુળખાઈ જેવા ફુગ જન્ય રોગો માટે ટ્રાયકોડરમાં વિરીડી જૈવિક ફુગ વાપરવાથી ફાયદો થતો હોય છે.

# અઠવાડીક ખેતી કાર્યો



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

**મગફળીઃ-**

- મગફળી ઉપાડ્યા પછી તે જ બીજનું તુરંત વાવેતર કરવું નહિ તેમનો ડોર્મસી પીરીયડ પૂરો થયા પછી જ વાવેતર કરવું.
- જમીનમાં ભેજ હોય ત્યારે ઉનાળુ મગફળીને ઉપાડી ઢગલા અઠવાડીયું સુકાયા બાદ, પાથરા ફેરવી, ડોડવામાં ૮ ટકા ભેજ હો ત્યારે થ્રેસિંગ કરવું
- આગોતરા વાવેતર માટે જમીનમાં ઢાળ હોય તો ઢાળની વિરુધ્ધ દિશામાં વાવેતર કરવું.

**તલઃ-**

- ઉનાળુ તલ પણ તેમજ ઘેટા પીળા પડી જાય પછી કાપણી કરી, ઉભડા કરવા તે પછી સુકાઈ જાય પછી ખેરી તલનું ગ્રેડીંગ કરી કોથળા ભરી લેવા.

**કપાસઃ-**

- જમીનને ખેડ કરી સમતલ બનાવો ઢાળ ઓછો કરો અને આ માસમાં છાણીયું (કમ્પોસ્ટ) ખાતર ચાસમાં ભરી દેવું.
- કપાસનું આગોતરું વાવેતર કરવું નહિ. તેમજ વાવેતર પહેલાં જમીનની ચકાસણી કરાવો.
- મીલીબગ વાળી તેમજ જીંડવાવાળી કરાંઠીને ઉપાડીને બાળી નાખવી અથવા તો બળતણ તરીકે સંગ્રહ કરવાનો હોય તો ઢગલાની ફરતે એક મીટર પહોળો મીથાઈલ પેરાથીઓનનો પટ લગાવવો.

**જુવારઃ-**

- દાણાની જુવાર દુધિયા દાણાની અવસ્થાએ ભેજની ખેંચ જણાય ત્યારે પિયતની સગવડ હોય તો પૂરક પિયત આપવું.

**બાજરીઃ-**

- બાજરી પાકને ફૂલ અવસ્તાએ આવશ્યક પિયત આપવું .
- બાજરીનાં ડુંડાને દબાવાથી દાણા છુટા પડે ત્યારે લણવા.
- કુતુલ / તળછારો રોગ જણાય તો મેટાલેક્ષિલ એમઝેડ ૭૨ વેપા ૧૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઓગળી જરૂરિયાત મુજબ પાનની ઉપર તેમજ નીચેના ભાગે છંટકાવ કરવો.

**શાકભાજીઃ-**

- શાકભાજીના તૈયાર થયેલી ધરૂઓની ફેર રોપણી ભલામણ મુજબના રાસાયણિક ખાતરો આપવા.
- જુદા જુદા પાકો જેવા કે શાકભાજી, કપાસ, ડાંગર,શેરડી વગેરે માટે નોવેલ પ્રવાહી ખાતર આપવાથી ઉત્પાદનમાં વધારો થાય છે.
- મરચીમાં તંદુરસ્ત ધરું ઉછેરવા ધરૂવાડિયાના જમીનમાં ઉનાળામાં સોઈલ સોલરાઈઝેશન અથવા રાબીંગ કરવું.

**આદુ :- વાવેતર સમય**

- આદુની રોપણી એપ્રિલના અંતથી મે માસમાં જમીન તૈયાર કરી વાવેતર કરી શકાય છે. રોપણીમાં તંદુરસ્ત આખો ધરાવતી અંગુલી ગાંઠોનો ઉપયોગ કરવામાં આવે છે

**બિયારણનો દર :**

- આદુના પાકમાં બિયારણમાં લીધેલ અંગુલી / માતૃ ગાંઠોને બીજથી થતા રોગો જેવા કે કંદનો કોહવારો, થડનો કોહવારોના નિયંત્રણ માટે મેટાલેક્ષીલ પાણીમાં ઓગાળી દ્રાવણમાં બિયારણની ગાંઠોને ૩૦ મિનિટ સુધી રાખીને, ગાંઠોને સૂકવ્યા બાદ વાવેતરમાં ઉપયોગ કરવો

**બાગાયત :-**

- દાડમની ખેતીમાં ગાઠયા કૃમિનું નિયંત્રણ માટે દાડમની ખેતી કરતા ખેડૂતોને ગાંઠયા કૃમિના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે યોસીનોમાયસીસ લીલાસીનસ (૨*૧૦ બીજાણું/ગ્રામ) ૨૦ કિ.ગ્રા/કે + દિવેલી ખોળ ૨ ટન / હે.ચોમાસાની શરૂઆતમા અને ત્યારબાદ દર ૬ માસના આંતરે થડથી ૧૨ થી ૧૮ ઈંચ દુર તથા આશરે ૯ ઈંચ ઊંડી રીંગ કરીને જમીનમાં મૂળની નજીક આપવાની ભલામણ કરવામાં આવે છે.
- કેળની ખેતી કરતા ખેડૂતોને પ્રતિ હેક્ટર વધારેમાં વધારે ઉત્પાદન તેમજ આવક મેળવવા માટે 'કેળની ગણદેવી સિલેકશન' જાત વાવવાની ભલામણ કરવામાં આવે છે.
- પપૈયામાંવધુ ઉત્પાદન માટે સુક્ષ્મ તત્વોનો છંટકાવ ઝીંક સ્લ્ફેટ ૨૪.૦ ગ્રામ અને બોરોન ૧૦.૦ ગ્રામ પ્રતિ લીટરે મુજબ ફેર રોપણીના બીજા અને ચોથા મહિને છંટકાવ કરવાથી વધુ ઉત્પાદન અને આવક મળે છે.
- મગ નીશીંગોની કાપણી વહેલી સવારે કરવી.





- મગના ભૂકીછારા રોગના અસરકારક અને અર્થક્ષમ નિયંત્રણ માટે કોર્બન્ડાઝીમ ૦.૦૨૫ % અથવા હેક્ઝાકોનાઝોલ ૦.૦૦૫ % અથવા દ્રાવ્ય ગંધક ૦.૨ % અથવા સેન્દ્રીય ખેતી માટે લીમડાનાં મીંજનું દ્રાવણ ૫ % મિશ્ર કરી રોગની શરૂઆત થાય કે તુરંત પંદર દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા.

**શેરડીઃ-**

- શેરડીમાં તડતડીયા અને સફેદ માખીના નિયંત્રણ માટે લીબોળીમાંથી બનાવેલ ૫% દ્રાવણ ૫૦૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

**સેન્દ્રીય ખેતીના ફાયદાઓઃ-**

૧.જમીનની ભૌતિક, રાસાયણિક અને જૈવિક પરિસ્થિતિ સુધારે છે. જેથી જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતામાં ઉત્તરોત્તર વધારો થાય છે.

૨. સેન્દ્રિય ખેતી પાકને અનુકૂળ પરિસ્થતિ પુરી પાડે છે. જેથી પાકનો વિકાસ સારો થાય છે પરિણામે પાકમાં રોગ જીવાત સામે પ્રતિકાર શકિત ઉભી થાય છે. સરવાળે વધુ અને સારી ગુણવત્તાવાળું પાક ઉત્પાદન મળે છે.

૩. સેન્દ્રીય ખેતીમાં ખેતી માટે જરૂરી ખેત સામગ્રી બને ત્યાં સુધી ખેતરમાં તૈયાર થતી હોય તેવી વાપરવાનો આગ્રહ રાખવામાં આવે છે. (દા.ત. બિયારણ, સેન્દ્રીય ખાતર વિગેરે) તેથી ખેતી ખર્ચ ઘટાડી સ્વનિર્ભર ખેતીનો વિકાસ કરે છે.

૪. સેન્દ્રીય ખેતી દ્વારા જમીન, હવા અને પાણીનું પ્રદુષણ અટકાવી શકાય છે.

૫ .સેન્દ્રીય ખેતી દ્વારા ઉત્પાદિત થતો ખોરાક ઝેરી રસાયણોથી મુકત હોઈ વિકસીત દેશોમાં તેની માંગ વધતી જાય છે અને ભાવો પણ સારાં મળતાં થયા છે._

**ખોળનો વપરાશઃ**

- દિવેલા, મગફળી, તલ, કપાસિયા,કરંજનો ખોળ, લીંબોળી તેમજ નાળિયેર વિગેરેના ખોળનો જમીનમાં પોષક તત્વો ઉમેરવા માટે સેન્દ્રિય ખાતર તરીકે વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરી શકાય. ખોળમાં પોષક તત્વોનું પ્રમાણ સામાન્ય સેન્દ્રીય ખાતરો કરતાં પાંચથી દસ ગણું વધારે હોવાથી ખાતર તરીકે ખેત ઉત્પાદન વધારવા અસરકારક રીતે વાપરી શકાય છે.

**નિકાસ દ્વારા વૈશ્વિક બજારોમાં સારા ભાવ મેળવવા માટે ધ્યાનમાં રાખવાના મુદાઃ**

- કરાર આધારિત ખેતી પધ્ધતિ દ્વારા ખેડૂતોએ નિકાસકાર કંપની કે વેપારી સાથે સમન્વય કરવો જોઈએ.
- ખેડૂતોએ પોતાની પેદાશ ક્યાં આંતરાષ્ટ્રીય બજારમાં વેચવાથી વધુ ભાવ મળે તે નક્કી કરવું જોઈએ.
- આંતરાષ્ટ્રીય બજારમાં કઈ પધ્ધતિથી વેચાણ કરવું તે નક્કી કરવું જોઈએ જેમ કે, સીધું વેચાણ અથવા એજન્ટ દ્વારા વેચાણ.
- જંતુનાશકોના અવશેષો રહિત ઉત્પાદન મળે તેવું અગાઉથી જ આયોજન કરવું જોઈએ.
- ખેત પેદાશોનો બગાડ ન થાય તેના માટે યોગ્ય ગ્રેડિંગ કરી આકર્ષક પેકિંગ કરવું જોઈએ.

**પશુઓ માટે બાયપાસ ફેટ ખવડાવવાના ફાયદાઓ :-**

- વધુ દુધ ઉત્પાદન આપતી તાજી વિયાયેલી ગાય-ભેંસની શકિતની જરૂરીયાત ચીલાચાલુ ખોરાક આપવાની પધ્ધતિથી પુરી પાડી શકાતી નથી. તેથી આવી ગાય-ભેંસના દાણમાં બાયપાસ ફેટ ઉમેરવાથી
- તેમની શકિતની જરૂરીયાત પુરી પાડી શકાય છે.
- દુધ ઉત્પાદનમાં વધારો થાય અથવા દુધ ઉત્પાદન જળવાઈ રહે છે.
- દુધમાં રહેલ ફેટ ચરબીના ટકા વધે છે.
- ખોરાક વપરાશની ક્ષમતા વધે છે.
- સરેરાશ યુનિટ દિઠ દુધ ઉત્પાદનમાં વધુ વળતર મળે છે અને વિયાણ બાદ સગર્ભા થવાના સમય (ફલન કાળ)માં ઘટાડો થવાથી વધુ આથર્કિ ફાયદો મેળવી શકાય છે.

**દૂધાળા પશુઓનો આહાર :**

- પશુપાલન વ્યવસાયમાં ૬૦ થી ૭૦ ટકા ખર્ચ ખોરાકનો થાય છે માટે તેમાં શક્ય તેટલી કરકસર અને કાળજીની ખાસ જરૂર રહે છે દૂજણા પશુઓનો આહાર મુખ્યત્વે ઘાસચારો દાણા અને ક્ષાર મિશ્રણનો બનેલો હોય છે.
- દૂધાળા ઢોરને રોજ તેના વજનનાં ૨.૫ ટકા જેટલા સૂકા ચારા (ડ્રાય મેટર)ની જરૂર પડે છે. જાનવરની કુલ જરૂરિયાતના ત્રીજો ભાગ લીલો ચારો હોવો જોઈએ એટલે કે દૂજણા ઢોરને દૈનિક ઓછામાં ઓછા ૨૦ કિ.ગ્રા. લીલો ચારો આપવો જોઈએ. તેમાં પણ શક્ય હોય તો ૪ થી ૭ કિ.ગ્રા. રજકો / ચોળી/ગુવાર અને ૮ થી ૧૨ કિ.ગ્રા. મકાઈ/જુવાર/ઓટ આપવા જોઈએ. એટલે કે એક ભાગ કઠોળ વર્ગ અને બે ભાગ ધાન્ય વર્ગનો ઘાસચારો આપવો જોઈએ. આમાંથી દૂજણા ઢોરને જોઈતું પ્રોટીન કેલ્સિયમ અને વિટામિન્સ મળી રહે છે.
- દૂધાળા ઢોરને સૂકો ચારો દરરોજ ખાઈ તેટલો આપવો જોઈએ. લીલાચાર અને સૂકાચારને ટુકડાં કરી મિશ્ર કરી આપવાથી ચારાનો બગાડ અટકશે અને તેની સાથે સાથે તેના પાચનમાં પણ વધારો થશે.
- લીલાચારની અછતમાં સાયલેજ અને ઉનાળામાં મળતાં લીલા ઝાડ પાન પણ લીલાચારા તરીકે ખવડાવી શકાય. પશુનો ચારો તાજો, સારો, સ્વચ્છ હોવો જોઈએ અને બગડેલો કે ફૂગવાળો ન હોવો જોઈએ.

# વૈશ્વિક ઉષ્મિકરણની આબોહવા પરિવર્તનને અનુકૂલન સ્થિતિસ્થાપક ખેતી અને સ્માર્ટ કૃષિ



આબોહવા પરિવર્તન, જેને ગ્લોબલ વૉર્મિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે પૃથ્વી પર સરેરાશ સપાટીના તાપમાનમાં વધારો દર્શાવે છે, જેના કારણે કૃષિ ક્ષેત્રને નવા પડકારોનો સામનો કરવો પડી રહ્યો છે જે ખાદ્ય સુરક્ષા અને આજીવિકાને જોખમમાં મૂકે છે. આ કૃષિને સતત તાપમાનની શ્રેણી અને પાણીની ઉપલબ્ધતા પર ખૂબ જ નિર્ભર બનાવે છે, જે કારણો કૃષિને આબોહવા પરિવર્તન સામે નબળી બનાવે છે. આવનારા વર્ષોમાં આબોહવા પરિવર્તનના પરિણામે કુલ વૈશ્વિક ઉત્પાદનમાં ઘણું નુકશાન થશે.

**આબોહવા બદલાવની કૃષિ પરની સંભવિત અસરોઃ**

આબોહવા બદલાવ (Climate Change) કૃષિ માટે ગંભીર ખતરો છે, જેનાથી અનિયમિત વરસાદ, વધતું તાપમાન અને પાણીની અછત સર્જાય છે . આના પરિણામે પાકની ઉત્પાદકતા અને ગુણવત્તામાં નોંધપાત્ર ઘટાડો થાય છે, જે ખાદ્ય સુરક્ષાને અસર કરે છે. હીટવેવ, પૂર અને દુષ્કાળ જેવી ઘટનાઓ પાકને નષ્ટ કરે છે અને જમીનની ફળદ્રુપતા ઘટાડે છે

- **પાક ઉત્પાદનમાં ઘટાડોઃ** વધતા તાપમાનને કારણે ઘઉં, ચોખા અને મકાઈ જેવા મુખ્ય પાકોની પાક અવધિ ઘટે છે અને ઉત્પાદન ઘટે છે
- **અનિયમિત વરસાદઃ** અકાળે વરસાદ અથવા વરસાદની ખેંચને કારણે સિંચાઈ આધારિત ખેતીને ભારે નુકસાન થાય છે
- **જીવાત અને રોગમાં વધારોઃ** તાપમાનમાં ફેરફારને કારણે પાકમાં નવી જીવાતો અને રોગોનું પ્રમાણ વધે છે, જે ઉત્પાદન ઘટાડે છે

**આબોહવા સ્માર્ટ કૃષિ એટલે શું ?**

આબોહવા સ્માર્ટ કૃષિ એ બદલાતા હવામાન (વધુ તાપમાન, દુષ્કાળ, પૂર) વચ્ચે ખેતીની ઉત્પાદકતા વધારવા, પર્યાવરણને અનુકૂળ રહેવા અને ખેડૂતોની આવક ટકાવી રાખવા માટેનો એક ટકાઉ અભિગમ છે. આ પધ્ધતિમાં પાક, પશુધન અને જમીનનું એ રીતે સંચાલન કરવામાં આવે છે કે જેનાથી ગ્રીનહાઉસ વાયુઓનું ઉત્સર્જન ઘટે અને ખેતી સ્થિર રહે.

**આબોહવા સ્માર્ટ કૃષિના મુખ્ય સ્તંભોઃ**

- **ઉત્પાદકતામાં ટકાઉ વધારોઃ** ખેતીની આવક, ખાદ્ય સુરક્ષા અને વિકાસમાં સમાન વધારાને સમર્થન આપવું.
- **અનુકૂલન અને સ્થિતિ સ્થાપકતાઃ** આબોહવા પરિવર્તન (જેમ કે દુષ્કાળ, પૂર) સામે કૃષિ પ્રણાલીઓને વધુ સ્થિતિસ્થાપક બનાવવી, જેથી પાક નિષ્ફળતા ઘટે.

**આબોહવા સ્માર્ટ કૃષિની મુખ્ય પધ્ધતિઓઃ**

- **આબોહવા-અનુકૂળ પાક પસંદગીઃ** હવામાનની અનિશ્ચિતતા સામે ટકી શકે તેવી સુધારેલી અને હાઈબ્રિડ જાતો (જેમ કે દુષ્કાળ કે પૂર-સહિષ્ણુ) વાવવી.
- **જળ વ્યવસ્થાપનઃ** ટપક સિંચાઈ અને સ્પ્રિંકલર જેવી આધુનિક પધ્ધતિઓથી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવો.
- **જમીન આરોગ્ય સંચાલનઃ** રાસાયણિક ખાતરોને બદલે સેન્દ્રિય ખાતર, કમ્પોસ્ટ અને લીલા ખાતરનો ઉપયોગ કરી જમીનની ફળદ્રુપતા જાળવવી.
- **પાક વૈવિધ્યકરણ અને મિશ્ર ખેતીઃ** એક જ પાક લેવાને બદલે આંતરપાક (Intercropping) કે મિશ્ર પાક પધ્ધતિ અપનાવવી, જેથી જો એક પાક નિષ્ફળ જાય તો બીજો પાક આવક આપી શકે.

**સ્થિતિ સ્થાપક ખેતી એટલે શું ?**

સ્થિતિ સ્થાપક ખેતી એ બદલાતા હવામાન, દુષ્કાળ કે પૂર જેવી આફતો સામે ટકી રહેવા અને ઉત્પાદન જાળવી રાખવાની આધુનિક અને ટકાઉ પધ્ધતિ છે. તેમાં જૈવવિવિધતા, સ્થાનિક બિયારણ, પ્રાકૃતિક ખેતી, અને આધુનિક તકનીકોનો ઉપયોગ કરીને જમીનની ફળદ્રુપતા વધારવા અને ખેડૂતોને આર્થિક રીતે સશક્ત બનાવવાનું લક્ષ્ય હોય છે

**સ્થિતિસ્થાપક ખેતીના મુખ્ય પાસાઓ અને ફાયદાઃ**

- **આબોહવા-અનુકૂળ પાકોઃ** ઓછું પાણી અને વધુ તાપમાન સહન કરી શકે તેવા પાકો અને સ્થાનિક બીજનો ઉપયોગ.
- **પ્રાકૃતિક ખેતીઃ** મુજબ, રાસાયણિક ખાતરોને બદલે જમીનની ફળદ્રુપતા વધારવા માટે બાયો-કલ્ચર અને જમીનને લીલા પાક/કચરાથી ઢાંકીને હ્યુમસ વધારવામાં આવે છે.

**આબોહવા પરિવર્તન સામે સ્થિતિ સ્થાપક ખેતી પધ્ધતિઓઃ**

- **પાક વૈવિધ્યકરણ :** એક જ પાક પર નિર્ભર રહેવાને બદલે વિવિધ પાકો લેવા, જે જોખમ ઘટાડે છે.
- દુષ્કાળ/પૂર પ્રતિકારક જાતોઃ ઓછું પાણી માંગતી અથવા અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ સામે ટકી શકે તેવી સુધારેલી બિયારણ જાતોનો ઉપયોગ.
- **ટપક અને ફુવારા પધ્ધતિઃ** પાણીની અછત વાળા વિસ્તારોમાં પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા માટે.
- **સજીવ ખેતી અને મલ્ચિંગ :** જમીનમાં ભેજ જાળવી રાખવા અને જૈવિક કાર્બન વધારવા માટે.
- **વાવેતરના સમયમાં ફેરફારઃ** બદલાતા હવામાન અને વરસાદની પેટર્ન મુજબ વાવણી અને લણણીનો સમય બદલવો.
- **એગ્રોફોરેસ્ટ્રી :** ખેતરની પાળે વૃક્ષો વાવવા, જે જમીનનું ધોવાણ અટકાવે છે અને સ્થાનિક તાપમાન સંતુલિત રાખે છે
- **એક્વાપોનિક્સઃ** એક્વાપોનિક્સ એ આબોહવા પરિવર્તન સામે એક ટકાઉ અને સ્થિતિસ્થાપક ખેતી પધ્ધતિ છે, જે માછલી ઉછેર અને હાઈડ્રોપોનિક્સ ને જોડે છે. તે પરંપરાગત ખેતીની સરખામણીમાં ઓછું પાણી વાપરે છે, અનિયમિત વરસાદ અને દુષ્કાળમાં પણ ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરે છે, જે અનુકૂલન માટે શ્રેષ્ઠ છે

ટકાઉપણું હાંસલ કરવા, ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા અને આબોહવા પરિવર્તનને સંબોધિત કરવાના પરસ્પર જોડાયેલા પડકારોને પહોંચી વળવા કૃષિ ઉત્પાદન પ્રણાલીઓ અને ખાદ્ય પ્રણાલીઓમાં નોંધપાત્ર પરિવર્તન થવું જોઈએ. જૈવવિવિધતા અને ઈકોસિસ્ટમ સેવાઓને પ્રોત્સાહિત કરીને, પાક વૈવિધ્યકરણ માત્ર આબોહવા પરિવર્તનની પ્રતિકૂળ અસરોને ઘટાડતો નથી, પરંતુ લાંબા ગાળાની કૃષિ ટકાઉપણું અને આર્થિક સ્થિરતાને પણ સુનિશ્ચિત કરે છે.

ડો. આર. કે. કલારિયા
અસ્પી શકીલમ બાયોટેક્નોલોજી
ઇન્સ્ટિટ્યૂટ,નવસારી કૃષિ યુનિવેર્સિટી,
સુરત-૩૯૫ ૦૦૭

# આદિવાસી અને અનુસૂચિત જાતિએ રાષ્ટ્રના આત્માને બચાવ્યો : સંઘ સુપ્રીમો મોહન ભાગવત




મુંબઈ,તા.૦૩

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે મુંબઈમાં આયોજિત એક કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, વિદેશી આક્રમણો અને અનેક મુશ્કેલીઓ છતાં આદિવાસી અને અનુસૂચિત જાતિ સમુદાયોએ ભારતની મૂળ ઓળખ અને સંસ્કૃતિને જીવંત રાખી છે. તેમણે ભાર મૂક્યો કે આ સમુદાયોએ રાષ્ટ્રના આત્માનું રક્ષણ કરવા માટે મોટી કિંમત ચૂકવી છે, તેથી તેમને વિકાસના મુખ્ય પ્રવાહમાં સમાન રીતે જોડવા અનિવાર્ય છે.

કર્મયોગી એવોર્ડ સમારોહમાં બોલતા તેમણે ઉમેર્યું કે, સમાજની સેવા કરવી એ ઉપકાર નહીં પરંતુ કર્તવ્ય છે. વિદેશી આક્રમણકારોએ ભારતની વિચારધારાને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આ સમુદાયોએ તેને અકબંધ રાખી. ભાગવતે ચેતવણી આપી કે જો સમાજ પોતાની સાચી ઓળખ ગુમાવશે, તો તેનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ શકે છે. ભારત હાલ વિશ્વમાં એક સ્થિર શક્તિ તરીકે ઉભરી રહ્યું છે અને તેણે પોતાના હિતોની સાથે વિશ્વને પણ ટેકો આપવો જોઈએ.

# હિમાચલના કુલ્લુમાં કાળમુખું ઝાડ કાર પર પડતા ચાર મહિલા શિક્ષિકાઓનાં કરૂણ મોત

**મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ ઘટના પર શોક વ્યક્ત કર્યો**



કુલ્લુ,તા.૦૩

હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લામાં એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે. અની વિસ્તારમાં ભારે વરસાદ અને વાવાઝોડા દરમિયાન શમશેર-ચવાઈ રોડ પર એક વિશાળ પાઈનનું ઝાડ ચાલતી બોલેરો કાર પર પડ્યું હતું. આ દુર્ઘટનામાં વાહનમાં સવાર ચાર મહિલા શિક્ષિકાઓનાં ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યાં છે, જ્યારે ડ્રાઈવર સહિત ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે.

તમામ શિક્ષિકાઓ શાળા સમય પૂરો થયા બાદ ઘરે પરત ફરી રહી હતી ત્યારે બાલીઓલ નજીક આ અકસ્માત નડ્યો હતો. ઘાયલોને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના પ્રગટ કરી છે. વહીવટીતંત્રને અસરગ્રસ્ત પરિવારોને તમામ શક્ય સહાય પૂરી પાડવા અને ઘાયલોની શ્રેષ્ઠ સારવાર માટે નિર્દેશ આપ્યા છે.

# મુઝફ્ફરનગરમાં કોંગ્રેસની 'કિસાન નૌજવાન બચાવો યાત્રા'માં ઘર્ષણ


મુઝફ્ફરનગર,તા.૦૩

સહારનપુરથી શરૂ થયેલી કોંગ્રેસની ૨૧ દિવસીય 'કિસાન નૌજવાન બચાવો યાત્રા' શનિવારે મુઝફ્ફરનગર પહોંચતા જ ભારે હોબાળો થયો હતો.

વહીવટીતંત્રે પરવાનગીનો અભાવ દર્શાવી યાત્રાને કંપની બાગ ખાતે અટકાવી દીધી હતી, જેનાથી કાર્યકરો અને પોલીસ વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ધક્કામુક્કી થઈ હતી. પરિસ્થિતિને કાબૂમાં લેવા ત્રણ પોલીસ સ્ટેશનનો કાફલો ખડકી દેવાયો હતો. પોલીસે યાત્રાને ઘેરી લેતા રોષે ભરાયેલા કોંગ્રેસ કાર્યકરો રસ્તા પર જ ધરણા પર બેસી ગયા હતા. કોંગ્રેસ નેતાઓએ વહીવટીતંત્ર પર લોકશાહી અધિકારોના ઉલ્લંઘનનો આરોપ લગાવ્યો છે, જ્યારે પોલીસે કાયદો અને વ્યવસ્થા જાળવવા આ કાર્યવાહી કરી હોવાનું જણાવ્યું છે.

# ગાંધીનગર પોલીસે ચિલોડા પાસે હથિયારોનો જથ્થો ઝડપી પાડયો

ગાંધીનગર,તા.૦૩



ગાંધીનગરના ચિલોડા પોલીસ મથકની ટીમે બાતમીના આધારે નેશનલ હાઈવે ૮ પર આવેલા ચંદ્રાલા નાકા પોઈન્ટ પાસે એક મહત્વનું ઓપરેશન પાર પાડીને રાજ્યમાં હથિયારો ઘુસાડવાના નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. શનિવારે મોડી રાત્રે પીઆઈ એસ. જે. ચૌહાણના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ આગમન હોટલ પાસે વાહન ચેકિંગ કરી રહી હતી ત્યારે હિંમતનગર તરફથી આવતી દિલ્હી-અમદાવાદ રૂટની ખાનગી લક્ઝરી બસને રોકીને તપાસ હાથ ધરવામાં આવી હતી. મુસાફરોના સામાનની તલાશી દરમિયાન સ્લીપિંગ સીટ પર બેઠેલા બે શખ્સો પોલીસને જોઈને ફફડી ઉઠ્યા હતા. પોલીસે તેમની પાસે રહેલા થેલાની તપાસ કરતા તેમાંથી બે પિસ્તોલ, એક તમંચો અને ૨૯ નંગ જીવતા કારતુસ મળી આવ્યા હતા. આ હથિયારો રાજસ્થાનથી લાવવામાં આવ્યા હોવાનું પ્રાથમિક તપાસમાં ખુલ્યું છે. પોલીસે અંદાજે ૯૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરી આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# યુપીમાં ૯ વર્ષમાં ૯ લાખથી વધુ સરકારી નોકરીઓનો રેકોર્ડ : મુખ્યમંત્રી યોગી

નવી દિલ્હી,૦૩



મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે લખનૌમાં નિમણૂક પત્ર વિતરણ સમારોહ દરમિયાન જણાવ્યું કે, છેલ્લા નવ વર્ષમાં ઉત્તર પ્રદેશમાં ૯ લાખથી વધુ યુવાનોને પારદર્શક રીતે સરકારી નોકરીઓ આપવામાં આવી છે. ચાલુ નાણાકીય વર્ષમાં વધુ ૧.૫૦ લાખ ભરતીઓ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. તેમણે ૨૦૧૭ પહેલાની વ્યવસ્થા પર પ્રહાર કરતા કહ્યું કે, અગાઉ ભ્રષ્ટાચારને કારણે લાયક ઉમેદવારો અન્યાયનો ભોગ બનતા હતા, પરંતુ હવે કડક કાયદા અને આધુનિક પ્રયોગશાળાઓ દ્વારા સિસ્ટમમાં સુધારો કરાયો છે.

# નીટની પરીક્ષા આપવા ગયેલી દીકરીની કંઠી ઉતારતા પિતા ભડક્યા

સુરત,તા.૦૩



ગુજરાતના ૮૫,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓએ **NEET**ની પરીક્ષા આપી હતી. આ પરીક્ષા ભારતના ૫૫૨ શહેરો અને ૧૪ આંતરરાષ્ટ્રીય સ્થળોએ લેવામાં આવી હતી. ગુજરાતમાં આ પરીક્ષા ૩૧ શહેરોમાં લેવાઈ હતી, જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર, જામનગર, જૂનાગઢ, ગાંધીનગર, ગોધરા અને અમરેલી જેવા મુખ્ય કેન્દ્રોનો સમાવેશ થાય છે. લગભગ ૩૦ બિલ્ડિંગમાં વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં એકલા અમદાવાદ અને ગાંધીનગરમાંથી લગભગ ૧૨,૦૦૦ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. સુરતમાં પરીક્ષા કેન્દ્ર પર વિદ્યાર્થીઓને કંઠી કઢાવી પ્રવેશ અપાતા વિવાદ થયો હતો. પોતાની દીકરીને કંઠી કઢાવતા પિતા ગુસ્સે થઈ ગયા હતા. તેમણે કહ્યું કે તમે હિન્દુ રાષ્ટ્રનો ઝંડો ફરકાવો છો તો હિન્દુની દીકરી એક્ઝામ આપવા જાય અને કંઠી કાઢી નાખે? તમે હિજાબ ઉતરાવી ન શકો, કોઈ વાંધો નહીં, હિજાબ રાખો, બુરખો રાખો, ટોપી પહેરો પણ હિન્દુની દીકરા-દીકરી પરીક્ષા આપે તો કંઠી શું કામ કાઢી નાખે? કોઈ એમાં ઈશ્યુ હોય તો કહો મને. હું થોડો લાહોર, કરાચી કે રાવલપિંડીમાં ઊભો છું? હું હિન્દુનો દીકરો છું અને અહીંયા હિન્દુસ્તાનમાં સુરતમાં ઊભો છું.

# રાજકોટના આજી ડેમમાં ડૂબેલા ચોથા યુવકનો મૃતદેહ ૨૩ કલાક બાદ મળ્યો

રાજકોટ,તા.૦૩



રાજકોટના નવા ઘાંચી વાડ વિસ્તારમાં રહેતા ભરતભાઈ જાદવ તેમના બે પુત્રો અને સાળીના પુત્ર સાથે આજી ડેમ પર રિક્ષા ધોવા ગયા હતા, જ્યાં અચાનક બનેલી ઘટનાએ સમગ્ર પરિવારને વિખેરી નાખ્યો છે. રિક્ષા ધોયા બાદ હાથ-મોઢું ધોવા ગયેલા પુત્રનો પગ લપસતા તેને બચાવવા જતાં એક પછી એક ચારેય સભ્યો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ ઘટનાની જાણ થતા જ **SDRF**ની ટીમ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સતત ૨૩ કલાકની ભારે જહેમત અને આધુનિક મશીનરીના ઉપયોગ બાદ અંતે ચોથા વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. **SDRF**એ જરૂરી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી મૃતદેહ પોલીસને સોંપ્યો છે. આ કરુણ ઘટનાને પગલે સમગ્ર રાજકોટ પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને પરિવારમાં માતમ છવાયો છે. વહીવટી તંત્ર દ્વારા ડેમ કાંઠે સાવચેતી રાખવા અવારનવાર સૂચનાઓ આપવામાં આવે છે, છતાં આવી દુર્ઘટનાઓ હૃદય કંપાવી દે તેવી હોય છે.

# હાલોલ તાલુકામાં હોડી પલટી મારી જતા બે માછીમારોના મોત

હાલોલ,તા.૦૩



પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલા દેવ ડેમમાં માછીમારી કરવા ગયેલા બે આશાસ્પદ યુવાનોના નાવડી પલટી જવાથી કરુણ મોત નિપજ્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર હાલોલના સુધારા ગામ પાસે જ્યારે સંજય નાયક અને અજય નાયક માછીમારી કરી રહ્યા હતા ત્યારે અચાનક ફૂંકાયેલા ભારે પવનને કારણે તેમની નાવડી સંતુલન ગુમાવી બેઠી હતી અને પાણીમાં પલટી ગઈ હતી. આ અકસ્માતને પગલે બંને યુવાનો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. ભારે જહેમત બાદ બંને મૃતદેહોને બહાર કાઢવામાં આવ્યા હતા. હાલમાં હાલોલ ગ્રામ્ય પોલીસે અકસ્માતનો ગુનો નોંધી મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડી આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે.

# સુરતમાં બેવડી હત્યા કરનાર આરોપીઓને પોલીસે લાકડીઓ ફટકારી

સુરત,તા.૦૩



સુરત શહેરના લિંબાયતના કમરૂ નગર પોલીસ ચોકી પાસે સગીરાની છેડતી કરી તેના પિતા અને પિતરાઈ ભાઈની હત્યા કરી એકને ગંભીર ઈજા પહોંચાડવામાં આવી હતી. ઘટનાના પગલે રહીશોમાં રોષ ફેલાયો હતો. ટોળાએ હુમલાખોરોના વાહનોની તોડફોડ કરતાં દોડતી થયેલી પોલીસે ચાર આરોપી તથા છેડતી કરનાર સગીરને ઝડપી લીધા હતા. દરમિયાન હત્યાના આરોપી એવા પિતા અને બે પુત્રોને સાથે રાખી પોલીસ દ્વારા ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું અને આરોપીઓને જાહેરમાં જ લાકડીઓથી ફટકારવામાં આવ્યા હતા.

# કોડીનાર તાલુકા પંચાયતના કોંગ્રેસના સભ્યોની દ્વારકા પોલીસે પૂછપરછ કરી

**પોલીસે સભ્યોને ધાકધમકી આપી હોવાના આક્ષેપથી ચકચાર**

કોડીનાર,તા.૦૩

કોડીનાર તાલુકા પંચાયતના રાજકારણમાં ફરી એકવાર ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. કુલ ૨૪ બેઠકો ધરાવતી આ પંચાયતમાં કોંગ્રેસ પાસે ૧૨, ભાજપ પાસે ૧૧ અને એક અપક્ષ સભ્ય હોવાથી સત્તા મેળવવા માટે ખેંચતાણ તેજ બની છે. પક્ષપલટાના ડરથી કોંગ્રેસના ૧૨ સભ્યોને દ્વારકાના અજ્ઞાત સ્થળે રાખવામાં આવ્યા હતા. જોકે, આ દરમિયાન દ્વારકા પોલીસે હોટલને ઘેરી લઈને સભ્યોની પૂછપરછ કરી હોવાના અને નિવેદનો નોંધ્યા હોવાના ગંભીર આરોપો લાગ્યા છે. મિતિયાજ બેઠકના સદસ્યના પ્રતિનિધિ સૂરપાલ બારડે આક્ષેપ કર્યો છે કે પોલીસે સભ્યોને ધાકધમકી આપી હતી. વધુમાં, ઓખામાં ફિશિંગ વ્યવસાય સાથે સંકળાયેલા મનોજ મોરીને પણ પોલીસે હસ્તગત કર્યા હોવાનો દાવો તેમની પત્નીએ સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ કરીને કર્યો છે, જેનાથી સમગ્ર જિલ્લાના રાજકારણમાં ભારે ચકચાર મચી ગઈ છે.

# જામકંડોરણામાં મઢવી પરિવાર દ્વારા ૧૧ દીકરીઓના સમૂહલગ્નનું ભવ્ય આયોજન: મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા

**સંતો-મહંતો અને રાજકીય અગ્રણીઓએ નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા**



જામકંડોરણા,તા.૦૩

જામકંડોરણા ખાતે મઢવી પરિવાર દ્વારા સૂરાપૂરા પાંચા દાદાના મંદિરે અનુસૂચિત જાતિ સમાજની ૧૧ દીકરીઓ માટે ભવ્ય સમૂહલગ્નનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યમાં નરેન્દ્રભાઈ, હરિભાઈ અને કિશોરભાઈ મઢવી સહિત સમગ્ર પરિવારે જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમમાં સાંજે જાનના સામૈયા અને હસ્તમેળાપની વિધિ બાદ મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. આ મંગલ અવસરે સંતો-મહંતોએ ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ પાઠવ્યા હતા. સાથે જ માજી સાંસદ રમેશભાઈ ધડૂક, ગોવિંદભાઈ રાણપરીયા અને લલીતભાઈ રાદડીયા જેવા અગ્રણીઓએ હાજરી આપી નવયુગલોને શુભેચ્છા પાઠવી હતી. મઢવી પરિવાર દ્વારા આયોજિત આ સમૂહલગ્ન સમારોહમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી.

# કોડીનારના ડોળાસાની વતની ૧૪ વર્ષીય જેન્શી કાનાબારે ટેનિસમાં સાનિયા મિર્ઝાનો રેકોર્ડ તોડ્યો

**અંડર ૧૪ મહિલા વિભાગમાં ચેમ્પિયન થનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની**

કોડીનાર,તા.૦૩



તસવીર : અનિલ કાનાબાર

કોડીનારના ડોળાસા ગામની વતની અને જૂનાગઢની રહેવાસી કુ. જેન્શી દીપકભાઈ કાનાબારે ભારતની સ્ટાર ટેનિસ ખેલાડી સાનિયા મિર્ઝાનો નાની ઉંમરમાં આઈટીએફ ટેનિસ ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવાનો રેકોર્ડ તોડ્યો છે. સાનિયા મિર્ઝાએ ૧૪ વરસ ૫ મહિના અને ૧૧ દિવસની ઉંમરમાં આ સિદ્ધિ હાંસલ કરી રેકોર્ડ સ્થાપિત કર્યો હતો, પણ જેન્શી કાનાબારે આ સિદ્ધિ સાનિયા મિર્ઝા કરતા ૧૧ દિવસ વહેલી પ્રાપ્ત કરી હતી. નવી દિલ્હીમાં યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની આઈટીએફ ટેનિસ ટુર્નામેન્ટમાં ૧૪ વરસ અને પાંચ માસની ઉંમર ધરાવતી જેન્શી કાનાબાર ૨૨ વર્ષીય ટેનિસ ખેલાડી સંદિપ્તી સિંઘ રાવ સામે ૪ સેટ પોઈન્ટનો બચાવ કરીને ૬-૩ અને ૭-૫ થી વિજય મેળવી ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી છે. જેન્શી કાનાબાર અગાઉ પણ ઈતિહાસ રચી ચૂકી છે. તે ઓસ્ટ્રેલિયન ઓપનમાં અંડર ૧૪ મહિલા વિભાગમાં ચેમ્પિયન થનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બની હતી.

# રાજ્યમાં કાળઝાળ ગરમીનો કહેર: સુરેન્દ્રનગરમાં ૪૩.૫ અને અમદાવાદમાં ૪૩.૨ ડિગ્રી તાપમાન



અમદાવાદ,તા.૦૩

ગુજરાતમાં હાલ કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત્ છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૪૦ થી ૪૩.૫ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાઈ રહ્યું છે. દિવસની સાથે રાત્રે પણ ગરમ પવનો ફૂંકાતા ઉકળાટમાં ભારે વધારો થયો છે, જેના કારણે જનજીવન અસહ્ય બની ગયું છે. હવામાન વિભાગના આંકડા મુજબ, આજે પણ અનેક શહેરોમાં પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો હતો.

રાજ્યમાં સૌથી વધુ તાપમાન સુરેન્દ્રનગરમાં ૪૩.૫ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે અમદાવાદમાં ૪૩.૨ ડિગ્રી અને રાજકોટમાં ૪૩ ડિગ્રી તાપમાન રહ્યું હતું. અન્ય શહેરો જેવા કે ગાંધીનગરમાં ૪૨.૮, અમરેલીમાં ૪૨.૫ અને કંડલામાં ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે. સતત વધતી ગરમીને કારણે બપોરના સમયે રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા હતા.

હવામાન વિભાગની આગાહી મુજબ, મે મહિનામાં સામાન્ય કરતાં વધુ હીટવેવના દિવસો રહેવાની શક્યતા છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં ગરમીની તીવ્રતા વધુ રહેશે. તંત્ર દ્વારા લોકોને પૂરતું પાણી પીવા અને બપોરના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા સલાહ આપવામાં આવી છે.

# રાજ્યમાં જૂન મહિનાથી વસ્તી ગણતરીનો પ્રારંભ થશે, કામગીરી બે તબક્કામાં કરાશે




અમદાવાદ,તા.૦૩

ગુજરાતમાં લાંબા સમયથી રાહ જોવાતી વસ્તી ગણતરીની પ્રક્રિયાનો પ્રારંભ આગામી જૂન મહિનાથી થશે. વર્ષ ૨૦૧૧ પછી ૨૦૨૧માં યોજાનારી ગણતરી કોરોના મહામારીને કારણે મુલતવી રહી હતી, જે હવે ૨૦૨૬-૨૭ દરમિયાન પૂર્ણ કરવામાં આવશે. આ પ્રક્રિયા સરકારી યોજનાઓ અને વિકાસ કાર્યોના આયોજન માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

આ કામગીરી બે તબક્કામાં વિભાજિત કરવામાં આવી છે. પ્રથમ તબક્કામાં 'હાઉસલિસ્ટિંગ' પ્રક્રિયા હેઠળ સરકારી કર્મચારીઓ ઘરે-ઘરે જઈને પરિવારની મૂળભૂત વિગતો અને રહેઠાણની સ્થિતિ અંગે આશરે ૩૩ પ્રશ્નો પૂછશે. બીજા તબક્કામાં મુખ્ય વસ્તી ગણતરી હાથ ધરાશે. વિશેષ સુવિધા તરીકે, નાગરિકો ડોર-ટુ-ડોર સર્વે પહેલાં પોતાની માહિતી ઓનલાઈન પણ નોંધાવી શકશે. સચોટ માહિતી એકત્ર કરવા માટે કર્મચારીઓને ખાસ તાલીમ આપવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને આ રાષ્ટ્રીય કાર્યમાં સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

# જામનગરના હાપામાં બુલડોઝર ફરતા રૂ.૩૫ કરોડની જમીન દબાણમુક્ત કરાઈ



જામનગર,તા.૦૩

જામનગર મહાનગરપાલિકાએ હાપા વિસ્તારમાં મોટી કાર્યવાહી કરી આશરે ૧.૨૦ લાખ ચોરસ ફૂટ ગેરકાયદેસર દબાણ હટાવ્યું છે. આવાસ યોજના માટે આરક્ષિત આ જમીન પર ૧૬ જેટલા આસામીઓએ કોમર્શિયલ બાંધકામ કર્યું હતું. ભારે પોલીસ બંદોબસ્ત સાથે તંત્રએ બુલડોઝર ફેરવી રૂ.૩૫ કરોડની કિંમતની જમીન ખાલી કરાવી છે. આ સફળ ઓપરેશન બાદ હવે આ જમીન પર ગરીબો માટે આવાસ નિર્માણનો માર્ગ મોકળો બન્યો છે.

# ભાવનગર નજીક એમ્બ્યુલન્સમાંથી વિદેશી દારૂની બોટલ નીકળતા ખળભળાટ

ભાવનગર,તા.૦૩

ભાવનગરના વરતેજ પોલીસે બાતમીના આધારે નારી ગામ નજીક પેટ્રોલિંગ દરમિયાન એક શંકાસ્પદ એમ્બ્યુલન્સને રોકીને તપાસ કરતા દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. માનવતાના કાર્ય માટે વપરાતી એમ્બ્યુલન્સનો દારૂની તસ્કરી માટે ઉપયોગ થતો જોઈ પોલીસ પણ ચોંકી ઉઠી હતી. આ મારુતિ સુઝુકી અર્ટિગા કારમાંથી વિદેશી દારૂની કુલ ૩૦૭૧ નાની બોટલો મળી આવી હતી,




જેની બજાર કિંમત આશરે નવ લાખ પંચાવન હજાર રૂપિયાથી વધુ થાય છે. પોલીસે આ દરોડા દરમિયાન હરિયાણાના બે શખ્સો, વિકાસ હવાસિંગ અંતિલ અને વિશાલ સુરેન્દ્રપાલની ધરપકડ કરી છે. આ કાર્યવાહીમાં દારૂ, કાર અને મોબાઈલ ફોન મળી કુલ ૧૪.૬૮ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પ્રાથમિક પૂછપરછમાં દારૂના સપ્લાય સાથે જોડાયેલા અન્ય બે શખ્સોના નામ પણ ખુલ્યા છે, જેના આધારે પોલીસે કુલ ચાર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની તપાસ તેજ કરી છે.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપના ૧૧૮ મુસ્લિમ ઉમેદવારો વિજેતા બન્યા

અમદાવાદ, તા.૦૩

ગુજરાતની વર્ષ ૨૦૨૬ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ લઘુમતી સમુદાયને જોડવાની રણનીતિ હેઠળ ૨૭૭ મુસ્લિમ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા હતા.

જેમાંથી ૧૧૮ ઉમેદવારોએ ભવ્ય જીત મેળવી છે, જ્યારે ૧૫૯ બેઠકો પર પરાજય થયો છે. જિલ્લાવાર વિશ્લેષણ મુજબ, કચ્છમાં સૌથી વધુ ૨૦, ગીર સોમનાથમાં ૧૧ અને ખેડા-આણંદમાં ૯-૯ ઉમેદવારો વિજયી બન્યા છે. અમદાવાદમાં ૭ અને સુરતમાં ૪ ઉમેદવારો જીત્યા છે. જોકે, બનાસકાંઠા અને જામનગર જેવા જિલ્લાઓમાં પક્ષને જોઈએ તેવી સફળતા મળી નથી. આ પરિણામો દર્શાવે છે કે લઘુમતી સમુદાયમાં ભાજનો સ્વીકાર વધી રહ્યો છે, જે આગામી ચૂંટણીઓ માટે નવી દિશા સૂચવે છે.

# બેટ દ્વારકાના દરિયામાંથી રોમન સિક્કા સહિત પ્રાચીન ખજાનો મળ્યો



દ્વારકા,તા.૦૩

દેવભૂમિ દ્વારકાના સમુદ્રમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા હાથ ધરાયેલા ઉત્ખનન દરમિયાન અત્યંત મહત્વપૂર્ણ ઐતિહાસિક અવશેષો મળી આવ્યા છે. અરબ સાગરના ઊંડાણમાં હાથ ધરાયેલી આ તપાસમાં રોમન સિક્કાઓની છાપ, 'રોમન એમ્ફોરા' (વહાણોમાં વપરાતા પાત્રો) અને રોમન ઈન્ટેગ્લિયો જેવી કિંમતી વસ્તુઓ પ્રાપ્ત થઈ છે. દરિયાકાંઠે ખોદવામાં આવેલી ૨૦ જેટલી ખાઈઓમાંથી એક વિશાળ સ્ટ્રક્ચરલ કોમ્પ્લેક્સ અને કિલ્લેબંધીના અવશેષો પણ મળ્યા છે. આ ઉપરાંત, મણકા બનાવવાની કળા અને ધાતુ ગાળવાની ભઠ્ઠીઓના પુરાવા મળતા સ્પષ્ટ થાય છે કે અહીં એક સુવ્યવસ્થિત ઔદ્યોગિક નગર વસેલું હતું. એએસઆઈના ડાયરેક્ટર જનરલ આલોક ત્રિપાઠીના જણાવ્યા મુજબ, આ અવશેષો ઓખામંડળના ઈતિહાસ પર નવો પ્રકાશ પાડશે અને દ્વારકાના ભવ્ય વારસાને વૈશ્વિક સ્તરે મજબૂત કરશે.


# સાંસદ ગેનીબેન પર ટિપ્પણી બાદ રાહુલ ગાંધી બોલ્યા: ભાજપનું 'નારી વંદન'નું માસ્ક ઉતરી ગયું



અમદાવાદ,તા.૦૩

બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર પર ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ કરેલી 'પલ્લુ' અંગેની ટિપ્પણીએ મોટું રાજકીય સ્વરૂપ ધારણ કર્યું છે. હવે આ વિવાદમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની એન્ટ્રી થઈ છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું કે, 'ભાજપનું 'નારી વંદન'નું માસ્ક ઉતરી ગયું છે અને આ ટિપ્પણી તેમની મહિલા વિરોધી માનસિકતાનો સાચો ચહેરો છે.' પ્રિયંકા ગાંધીએ પણ આ નિવેદનને શરમજનક ગણાવી ગેનીબેન પ્રત્યે સમર્થન જાહેર કર્યું છે. બીજી તરફ, ગેનીબેન ઠાકોરે આકરો પ્રહાર કરતા જણાવ્યું કે, જો જગદીશ વિશ્વકર્માને પોતાની સત્તાનો ઘમંડ હોય તો તેમણે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી બનાસકાંઠાથી લડવી જોઈએ. તેમણે ઉમેર્યું કે, જગદીશભાઈએ બનાસકાંઠાની જનતા અને મહિલાઓનું અપમાન કર્યું છે, જેનો જવાબ પ્રજા આપશે. ઉલ્લેખનીય છે કે, પાલનપુરમાં એક સંમેલન દરમિયાન વિશ્વકર્માએ સાડીના પલ્લુનો ઉલ્લેખ કરીને વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું.

# અમદાવાદમાં પુત્રના પ્રેમલગ્નની અદાવતમાં પિતાની કરપીણ હત્યા




અમદાવાદ,તા.૦૩

શહેરના જીવરાજપાર્ક બ્રિજ નીચે શનિવારે રાત્રે અંગત અદાવતમાં ૫૨ વર્ષીય નટુભાઈ પરમારની નિર્મમ હત્યા કરવામાં આવી છે. મૃતકના પુત્રએ ચાર વર્ષ પહેલાં કરેલા પ્રેમલગ્નની અદાવત રાખી સાસરી પક્ષના શખ્સોએ આ હુમલો કર્યો હતો. નટુભાઈ જ્યારે પાન પાર્લર પર ઊભા હતા, ત્યારે ચારથી પાંચ શખ્સોએ લાકડા અને પાઈપ વડે માત્ર ૨૨ સેકન્ડમાં ૩૬ જેટલા ફટકા મારી તેમને મોતને ઘાટ ઉતાર્યા હતા.

આનંદનગર પોલીસે સીસીટીવી ફૂટેજ મેળવી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે. પ્રાથમિક તપાસ મુજબ, પુત્ર અને સાસરી પક્ષ વચ્ચે થયેલી તાજેતરની બોલાચાલી આ હત્યાનું મુખ્ય કારણ હોવાનું મનાય છે.

# ભાવનગરમાં સાસરિયાના ત્રાસથી યુવકે આપઘાત કરી લેતા ખળભળાટ

ભાવનગર,તા.૦૩

શહેરના તિલકનગર વિસ્તારમાં સાસરિયાઓના કથિત ત્રાસથી કંટાળીને એક યુવકે જ્વલનશીલ પ્રવાહી છાંટી આત્મહત્યા કરી લીધી છે. ગંભીર રીતે દાઝી ગયેલા યુવકનું બે દિવસની સારવાર બાદ હોસ્પિટલમાં મોત નિપજ્યું હતું. આ ઘટનાનો લાઈવ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા ચકચાર મચી ગઈ છે.

મૃતકના ભાઈ રાજેન્દ્ર રાઠોડે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, પત્ની અને સાસરિયાઓ દ્વારા આપવામાં આવતા સતત માનસિક-શારીરિક ત્રાસને કારણે યુવકે આ આત્યંતિક પગલું ભર્યું હતું. પરિવારે આરોપીઓ વિરુદ્ધ કડક કાનૂની કાર્યવાહીની માંગ કરી છે. હાલ પોલીસે ફરિયાદના આધારે તપાસ તેજ કરી છે.

# જૂનાગઢ-આણંદ એસટી બસમાં નશાખોર યુવાને યુવતીની છેડતી કરતા માતાએ લાફા ઝીંક્યા



રાજકોટ,તા.૦૩

જૂનાગઢ-આણંદ રૂટની એસટી બસમાં મુસાફરી કરી રહેલી એક યુવતીની નશામાં ધૂત યુવાને છેડતી કરતા ચકચાર મચી છે. જૂનાગઢથી નશાની હાલતમાં બસમાં ચઢેલા આ શખ્સે યુવતી સાથે અભદ્ર વર્તન કરી ગાળાગાળી શરૂ કરી હતી. પુત્રીની છેડતી થતા જ જાગૃત માતાએ નશાખોર યુવાનને જાહેરમાં લાફા ઝીંકી દીધા હતા.

આટલેથી ન અટકતા, શખ્સે કંડક્ટર સાથે ઝપાઝપી કરી બસ રોકાવી દીધી હતી. યુવતીએ તત્કાલ ૧૧૨ પર ફોન કરતા જેતપુર પોલીસે ઘટનાસ્થળે પહોંચી શખ્સની અટકાયત કરી હતી. કંડક્ટરના જણાવ્યા મુજબ, સમજાવવા છતાં શખ્સ સતત હોબાળો કરતો હતો, અંતે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





